પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૫, અંક:૫૬, કુલ પાના:૪, તારીખ: ૨૭-૧૦-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 56 PRICE :-RS. 1.50 DATE : 27-10-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### રાજયમા ઓવર સ્પીડના કારણે બનતા અકસ્માતોને અટકાવવા આધુનિક સાધનોથી સજ્જ

# રડાર સ્પીડ ગન સાથે ઈન્ટરસેપ્ટર વાનનો નવતર અભિગમ : હર્ષ સંઘવી

ગાંધીનગર,

ગૃહ વિભાગ દ્વારા ગુજરાત માર્ગ સુરક્ષા નિધિ હેઠળ ગુજરાત પોલીસને ઓવર સ્પીડને કારણે બનતા અકસ્માતોને અટકાવવા માટેના ઈન્ટરસેપ્ટર ૪૮ વાહનો અને મુખ્ય ધોરીમાર્ગો ઉપર પેટ્રોલિંગ કરી અકસ્માત સમયે ફર્સ્ટ રીસ્પોન્સ વ્હીકલ તથા રેસ્કયુ વ્હીકલ એવા ૪૨ હાઈવે પેટ્રોલ વાહન આપવામાં આવ્યા છે. આ વાહનોને આજે ગાંધીનગર ખાતેથી રાજય ગૃહ મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યા છે. વાહનોનું પ્રસ્થાન કરાવતા રાજય ગૃહ મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ઓવર સ્પીડના કારણે બનતા અકસ્માતોને અટકાવવા સારુ અતિ આધુનિક સાધનોથી સજ્જ રડાર સ્પીડ ગન સાથે ગુજરાત પોલીસના ઉપયોગ સારું ઈન્ટરસેપ્ટર વાન તૈયાર કરવામાં આવી છે. આવી ૪૮ વાનનું આજે વિવિધ જિલ્લાને સુપ્રત કરવામાં આવી છે. તેમજ વાહન અકસ્માતમાં ઘણા વ્યક્તિઓ ઈજાગ્રસ્ત હાલતમાં વાહનમાં ફસાઈ જાય છે. તેમને બહાર કાઢવા માટે વાહનના દરવાજા તોડી કે કાપી નાખી ઈજાગ્રસ્તને બહાર કાઢવા અને કુદરતી આફતોના સમયે નાગરિકોને ઉપયોગી બની રહે તેવી હાઈવે પેટ્રોલ ૪૨ વાહન પણ વિવિધ શહેર-જિલ્લામાં આપવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, આગામી સમયમાં પોલીસ વિભાગને વધુ સજ્જ બનાવવા માટે વિવિધ સુવિધા સાથેના ૧૧૦૦ જેટલા વિવિધ પ્રકારના જેવા કે ગાડી, ટુવ્હીલર અને અન્ય વાહનોની જરૂરિયાત મુજબ ખરીદી કરવામાં આવશે. ગુજરાત પોલીસને અર્પણ કરવામાં આવેલી ૪૮ ઈન્ટરસેપ્ટર વાનની ડિઝાઈનીંગમાં હાઈકવોલેટીની રિફલેકટીવ સલામતિ સ્ટ્રીપ્સ અને સાઈનેઝ અને ગુજરાત પોલીસના લોગ સાથે તૈયાર કરવામાં આવી છે. તેમજ આ વાનમાં અતિ આધુનિક લેસરસ્પીડ ગન, પીટીઝેડ કેમેરા, પબ્લીક એડ્રેસ સિસ્ટમ, મોબાઈલ નેટવર્ક વિડિયો રેકાર્ડર, અગ્નિ શામક અને ફર્સ્ટ એઈડ બોક્ષ વગેરે લગાડવામાં આવ્યા છે. આ વાન દ્વારા ઓવર સ્પીડથી જતા વાહનોને અંકુશમાં લેવાનો છે. ઈન્ટરસેપ્ટર વાન ઈનોવામાં તૈયાર કરવામાં આવી છે. આ ૪૮ ઈન્ટરસેપ્ટર વાનની અને અંદર ગોઠવણી કરવામાં આવેલા ટેકનોલોજી સજ્જ સાધનો સાથે કુલ કિંમત રૂપિયા ૧૦ કરોડ ૪૬ લાખથી વધુની થાય છે. આ વાન અમદાવાદ શહેરને ૪, સુરત શહેરને ૩, રાજકોટ શહેરને ૨, વડોદરા શહેરને ૨ તથા જિલ્લાઓમાં એક-એક મળી કુલ-૪૮ ઈન્ટરસેપ્ટર વાહનોની ફાળવણી કરવામાં આવી છે. હાઈવે પેટ્રોલ વાહન શહેર અને જિલ્લામાં આવેલા મુખ્ય ધોરીમાર્ગો ઉપર પ્રેટ્રોલિંગ કરી અકસ્માત સમયે ફર્સ્ટ રીસ્પોન્સ વ્હીકલ તથા રેસ્કયુ વ્હીકલ તરીકે કામ કરશે. આ વાહન થકી વાહન અકસ્માતમાં ઈજાગ્રસ્તને વ્યક્તિને બહાર કાઢવા અને હોસ્પિટલ ખસેડવાની કાર્યવાહી કરશે. સમગ્ર રાજયમાં શહેર અને જિલ્લા યુનિટને એક-એક એ રીતે કુલ ૪૨ હાઈવે પેટ્રોલ વાહનોની ફાળવણી કરવામાં આવી છે. ૪૨ હાઈવે પેટ્રોલ વાન કુલ રૂપિય ૬ કરોડ ૫૬ લાખથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવી છે. હાઈવે પેટ્રોલ વાહનમાં હાઈડ્રોલીક રેસ્કયુ કીટ, સ્ટ્રેચર, પોર્ટેબલ ઈમરજન્સી લાઈટની બેગ, ઈલેકટ્રીક મોટર સાથે સ્ટીલ રસ્સી, હાઈડ્રોલિક જેક, વુડ કટર, માઈક અને સાયરન સાથે રૂફ લાઈટબાર અને પીએ સિસ્ટમ, પીટીઝેટ કેમેરા ડે-નાઈટ, અગ્નિશામક, રિચાર્જેબલ ટોર્ચ, ફર્સ્ટ એઈડ બોક્ષ, એલીડી મોનિટર, મોબાઈલ નેટવર્ક વિડિયો રેકોર્ડર અને રીઅર કેમેરા જેવી સુવિધાથી સજ્જ બનાવવામાં આવી છે. સચિવાલય સંકુલ ખાતે યોજાયેલ વાહન પ્રસ્થાન સમારંભમાં ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તા, ગૃહ સચિવ શ્રીમતી નિપુણા તોરવણે, રાજયના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી શ્રી આશિષ ભાટિયા, આયોજન અને આધુનિકરણના અધિક પોલીસ મહાનિર્દેશક શ્રી નરસિમ્હા કોમાર, સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચના પોલીસ મહાનિરીક્ષક શ્રી પીયૂષ પટેલ, એડિશનલ ડી.જી.પી. શ્રી નીરજા ગોટરૂરાવ, એડિશનલ ડી.જી.પી. શ્રી આર.બી.બ્રહ્મભટ્ટ, રેન્જ આઈ.જી. શ્રી અભય ચુડાસમા, આઈ.જી.પી શ્રી અર્ચના શિવહરે અને ગાંધીનગર જિલ્લા પોલીસ વડા શ્રી મયૂર ચાવડા સહિત આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## પેટ્રોલ-ડીઝલમાં ૬ મહિનામાં અધધ વધારો સામે વપરાશમાં પણ વધારો

અમદાવાદ,

પેટ્રોલ ડીઝલ જ નહીં ગેસના ભાવમાં પણ તોતિંગ વધારો થઈ રહ્યો છે. અદાણી ટોટલ ગેસ લિમિટેડ (ATGL) એ પણ રેસિડેન્શિયલ ગ્રાહકો માટે પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) ના ભાવમાં ફરી વધારો કર્યો છે. કંપનીએ ૧૧ ઓક્ટોબરના રોજ ૧.૬૦ MMBtu સુધીના ત્રિમાસિક વપરાશ માટે અમદાવાદમાં ડોમેસ્ટિક PNGની કિંમત રુ.૧૦૬૧.૨૦ રુપિયાથી વધારીને રુ. ૧,૦૮૯.૨૦ પ્રતિ MMBtu (મેટ્રિક મિલિયન બ્રિટિશ થર્મલ યુનિટ) સુધી વધારી છે. તો ૧.૬૦ MMBtu થી વધુના વપરાશ પર કિંમતને રુ.૧,૨૭૩.૪૪ થી વધારીને રુ. ૧,૩૦૭.૦૪ પ્રતિ MMBtu કરવમાં આવી છે. તો વડોદરા માટે કંપનીએ ડોમેસ્ટિક પીએનજીના ભાવ રુ. ૯૮૧.૧૨ પ્રતિ MMBtuથી વધારીને રુ. ૧,૦૦૯.૧૨ પ્રતિ MMBtu કર્યા છે. ટેક્સ સિવાયના આ દરો ૨૪ ઓક્ટોબરથી લાગુ કરવામાં આવ્યા છે. ઈંધણના ભાવમાં વધારાને પગલે પરિવહન, ખાનગી કેબ્સ અને બસોના ખર્ચમાં પણ વધારો થયો છે. ગુજરાત લકઝરી કેબ ઓનર્સ એસોસિએશન (GLCOA)ના પ્રમુખ ચંદ્રેશ પટેલે જણાવ્યું હતું કે, "પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારા સાથે, અમે અમારા પ્રતિ કિલોમીટરના ટેરિફમાં આશરે ૨૦%નો સુધારો કર્યો છે." પટેલે ઉમેર્યું: "જો કે, અમારું માર્જિન સતત ઘટી રહ્યું છે કારણ કે છેલ્લા છ મહિનામાં પેટ્રોલના ભાવમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. આની સીધી અસર અમારી આવક પર પડી રહી છે." તેવી જ રીતે ટ્રાન્સપોર્ટરો પણ વધી રહેલા ઈંધણના ખર્ચનો સામનો કરી રહ્યા છે. અખિલ ગુજરાત ટ્રાક ટ્રાન્સપોર્ટર્સ એસોસિએશનના પ્રમુખ મુકેશ દવેએ જણાવ્યું હતું કે, "ઈંધણના ભાવમાં દૈનિક સુધારો હવે વ્યવહારિક નથી કારણ કે અમારે માલસામાનના પરિવહન માટે પહેલાથી જ નેગોસિએશન કરીને નક્કી કરાયેલા દરો પર કામ કરવું પડે છે અને તેના કારણે સતત વધુને વધુ નુકસાન સહન કરવું પડે છે." દવેએ ઉમેર્યું કે "ઈંધણના ભાવમાં વારંવાર વધારો થતો હોવાથી, અમે અમારા ટ્રાન્સપોર્ટ કરારમાં એક કલમ ઉમેરી છે. જો કોન્ટ્રાક્ટની માન્યતા દરમિયાન કિંમત ચોક્કસ થ્રેશોલ્ડ કરતાં વધી જાય, તો અમે લાગુ પડતા ટ્રાન્સપોર્ટ ચાર્જમાં તેના આધારે વધારો કરીએ છીએ."જ જો કે, તેમણે જણાવ્યું હતું કે, ટ્રાન્સપોર્ટરોને ભાવમાં બાકીનો વધારો ઝીલવાની ફરજ પડે છે." "અમારા ઈનપુટ કોસ્ટ કોમ્પોનન્ટમાં ઈંધણનો હિસ્સો ૫૦% છે, જેના પરિણામે અમારા નફાના માર્જિનમાં ઘટાડો થાય છે અથવા તો ક્યારેક નુકસાન પણ થાય છે," તેમણે કહ્યું. "પેટ્રોલ અને ડીઝલને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) ના દાયરામાં લાવવા માટે શ્રેણીબદ્ધ રીતે અનેક રજૂઆતો કરવામાં આવી છે." ટ્રાન્સપોર્ટ ઉદ્યોગના ટોચના વેપારીઓ પણ ભાવમાં વધારાના કારણે આર્થિક બોજો વધી રહ્યા અનુભવી રહ્યા છે કારણ કે ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાં વધારો અને કુદરતી ગેસ અને કોલસાના ખર્ચ સાથે તેમનો ઈનપુટ ખર્ચ વધે છે. છેલ્લા છ મહિનામાં તમારી આવક ભલે વધી ન હોય, પરંતુ તમારો ખર્ચ ચોક્કસ વધી ગયો હશે! છેલ્લા છ મહિનામાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૧૯%જેટલો વધારો થયો છે. ૧૫ એપ્રિલે અમદાવાદમાં પેટ્રોલની કિંમત ૮૭.૫૩ રૂપિયા પ્રતિ લિટર હતી જે વધીને ૧૦૪.૨૪ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. તો ડીઝલની કિંમત જે ૮૬.૯૬ રૂપિયા હતી તે વધીને ૧૦૩.૮૧ રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ છે. ફૂડ ઓઈલના ભાવમાં થયેલા વધારાને કારણે ઈંધણના ભાવમાં વધારો થયો છે. જોકે તહેવારોની સિઝનના કારણે પેટ્રોલ ડીઝલના વેચાણમાં ભાગ્યે જ કોઈ તફાવત જોવા મળી રહ્યો છે અને તહેવારોના કારણે ચહલપહલ વધી છે અને ઉલ્ટાનો વપરાશ વધી રહ્યો છે, એમ અમદાવાદના એક પેટ્રોલિયમ પ્રોડક્ટના ડીલરે જણાવ્યું હતું. જોકે, ગ્રાહકો ભાવમાં સતત વધારાથી નારાજ છે. ભાવને નિયંત્રિત કરવામાં ડીલરોની કોઈ ભૂમિકા ન હોવા છતાં, ગ્રાહકો તેમની નિરાશા અમારા પર ઠાલવતા હોય છે."

## કિસાન સન્માન નિધિ યોજનાનો બદલાયો નિયમ

નવી દિલ્હી,

પીએમ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ દેશભરના કરોડો ખેડૂતોને વર્ષના ૬ હજાર રૂપિયા મળે છે. સરકાર આ રકમ ત્રણ હપ્તામાં ટ્રાંસફર કરે છે. સરકાર ૧૦ માં હપ્તાની રકમ જલ્દી જ જમા કરશે. આ યોજનાથી લાખો ખેડૂતોને આર્થિક સહાય મળી રહી છે જે તેમના ખેતી કાર્યમાં મદદરૂપ થાય છે. આ યોજના નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન પાત્રતા ધરાવતા લાભાર્થીઓને લાભ આપવા માટે ૦૧-૧૨-૨૦૧૮થી આમલમાં આવી છે. ખેતી લાયક જમીન ધરાવતા તમામ નાના અને સીમાંત ખાતા ધરાવતા ખેડૂતોને સહાય રૂપ થવાના હેતુથી સરકાર દ્વારા આ યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજનાનો હેતુ ખેડૂતોને સામગ્રીની ખરીદી માટે નાણાંકીય જરૂરીયાત તેમજ તેઓના પાક સંરક્ષણ કરી શકે અને પૂરતા ઉત્પાદન મારફતે સુનિશ્ચિત આવક મેળવી શકે. આ યોજના માટે ભારત સરકારે પાત્રતા નક્કી કરેલ છે. આ યોજનાનો લાભ વર્તમાન અને ભૂતપૂર્વ તમામ પ્રકારના બંધારણીય હોદ્દાઓ ધરાવતા વ્યક્તિઓને મળશે નહીં. હાલમાં કે ભૂતકાળમાં મંત્રી/રાજ્યકક્ષાના મંત્રીઓ, લોકસભા, રાજ્યસભા કે વિધાનસભા કે જિલ્લા પંચાયતના અધ્યક્ષ આ યોજનાનો લાભ લઈ શકશે નહીં. તેમજ રાજ્ય સરકારના વિવિધ વિભાગો, કચેરીઓ, મંત્રાલયો કે તેમના ક્ષેત્રીય કચેરીમાં સેવા કાર્યરત કે નિવૃત તમામ અધિકારીઓ અને કર્મચારીઓ આ યોજનાનો લાભ લઈ શકશે નહીં.ખેડૂતોના ખાતામાં કિસાન સન્માન નિધિનો ૧૦મો હપ્તો જલ્દી જ આવવાનો છે ત્યારે આ દરમિયાન કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના નિયમોમાં ફેરફાર કર્યા છે. સરકારે છેતરપિંડીને રોકવા આ પગલું ભર્યું છે. છેલ્લા દિવસોમાં અનેક રાજ્યોમાં કિસાન સન્માન નિધિમાં છેતરપિંડીની ઘટનાઓ સામે આવી હતી. જે બાદ સરકારે આ છેતરપિંડીને રોકવા માટે રાશનકાર્ડ ફરજીયાત કર્યું છે. યોજના અંતર્ગત હવે નવા રજીસ્ટ્રેશન દરમિયાન રાશનકાર્ડ નંબર આપવા ફરજીયાત હશે. જો તમે કિસાન સન્માન નિધિ માટે એપ્લાય કરવા ઈચ્છો છો તો તમારા પાસે રાશનકાર્ડ હોવું જરૂરી છે. નિયમ મુજબ રાશનકાર્ડમાં નોંધાયેલ પતિ, પત્ની અથવા તે પરિવારના કોઈ એક સભ્યને પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો લાભ મળી શકશે. આ સિવાય ડોક્યૂમેન્ટની સોફ્ટ કોપી બનાવી વેબસાઈટ પર અપલોડ કરવી પડશે. સરકારે નિયમને સરળ બનાવા માટે જમીનનું ખાતા-ખસરા(જમીન રેકોર્ડ), આધાર કાર્ડ, બેંક પાસબુક અને જાહેરાતપત્રની હાર્ડકોપીને ભેગા કરવાની મથામણ ખતમ કરી દીધી છે. હવે ખેડૂતોને માત્ર ડોક્યૂમેન્ટ્સની પીડીએફ ફાઈલ બનાવી પોર્ટલ પર અપલોડ કરવી પડશે. સરકારનું કહેવું છે.

## ST બસની મુસાફરી ૨૫ ટકા મોંઘી બનશે

ગાંધીનગર,

દિવાળીના પર્વ દરમિયાન સૌરાષ્ટ્ર, કચ્છ સહિત દક્ષિણ ગુજરાત અને ગોધરા, દાહોદ તરફ જે વધારાની બસો દોડાવવામાં આવેછે. તે મુસાફરોને આ ભાડા વધારાનો સામનો કરવો પડશે. ત્યારે હાલમાં જે નિયમિત બસોની અવર જવર થઇ રહી છે તેનું ભાડું યથાવત્ રહેશે. ટ્રેનની મુસાફરી બાદ ટૂંક સમયમાં તમને બસની મુસાફરી મોંઘી પડી શકે છે કેમ કે દિવાળીના તહેવારોમાં લોકોને અવર જવરમં અનુકૂળતા રહે તે માટે એસટી તંત્ર દ્વારા વધારાની બસો દોડાવવામાં આવશે આ સાથે જ ૨૫ ટકા ભાડું વધશે. દિવાળી ટાળે લોકો માદરે વતન જતા હોય છે ત્યારે તહેવારોમાં ભીડ જામતી હોય છે. ત્યારે લોકો અવર જવરમાં મુશ્કેલી ન પડે તે માટે એસટી નિગમ દ્વારા વધારાની બસો દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ દરમિયાન વધારાની બસો દોડતી ત્યારે ઘણી ટ્રીપમાં મુસાફરોની પુરતી સંખ્યા ન મળતી હોવાથી નુકસાન વેઠવું પડે છે. એક તરફ દિન પ્રતિ દિન પેટ્રોલ ડીઝલ અને હવે સીએનજી ભાવમાં સતત વધારો થઇ રહ્યો છે. ત્યારે આ નુકસાન ભરપાઇ કરવા માટે ૨૫ ટકા જેટલો ભાવ વધારાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી મુસાફરોના માથે વધારાનો બોજ આવશે.

## ટુંક જ સમયમાં ખાદ્યતેલની સ્ટોક મર્યાદા ગુજરાત જાહેર કરશે

નવી દિલ્હી,

ઉત્તર પ્રદેશ સરકારે જુદી જુદી શ્રેણીના વેપારીઓ માટે ખાદ્યતેલનો સ્ટોક કરવાની મિલિટ ૧ થી ૨૫ ટનુ સુધીની રાખી છે અને ગત ૧૨ ઓક્ટોબરના રોજ તેની જાહેરાત પણ કરી દેવામાં આવી હતી.ખાદ્યતેલનો સ્ટોક કરવાની મિલિટ જાહેર કરવામાં ગુજરાતદ, રાજસ્થાન અને હરિયાણા લગભગ અંતિમ તબક્કામાં છે અને ટૂંક સમયમાં જ આ રાજ્યો પણ ખાદ્યતેલોના સ્ટોકની મર્યાદા જાહેર કરી દેશે એમ પાંડેએ ઉમેર્યું હતું. પાંડેના કહેવા મુજબ અન્ય ૯ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ ખાદ્યતેલોના સ્ટોકની લિમિટ રાખવાની પ્રક્રિયા હાથ ધરવા બાબતે સંમતિ દર્શાવી છે જેમાં મહારાષ્ટ્ર, ઓરિસ્સા, કેરળ, ઝારખંડ, છત્તીસગઢ, આંધ્ર પ્રદેશ, તામિલનાડુ, ત્રિપુરા અને ચંદીગઢનો સમાવેશ થાય છે. જો કે બાકીના અન્ય રાજ્યોએ પણ સ્ટોક નો જથ્થો નક્કી કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. ૨૦૧૮ની સાલથી જુદા જુદા રાજ્યો ખાદ્યતેલો અને તેલિબિયાનો સ્ટોક કરવાની કોઇ એક ચોક્કસ મર્યાદા નક્કી કરે છે તેથી આ પ્રક્રિયામાં થોડો વિલંબ થયો છે એમ પાંડેએ કહ્યુ હતું.તહેવારોની સીઝનમાં ખાદ્યતેલોના વધી રહેલાં ભાવોને રોકવાના ચાલી રહેલાં પ્રયાસો વચ્ચે કેન્દ્ર સરકારે સોમવારે કહ્યું હતું કે ઉત્તર પ્રદેશ સરકારે ખાદ્યતેલનો સ્ટોક કરવાની મિલિટ જાહેર કરી દીધી છે અને અન્ય રાજ્યો પણ ટૂંક સમયમાં તેનું અનુકરણ કરશે. કેન્દ્ર સરકારના ફૂડ સેક્રેટરી સુધાંશુ પાંડેએ વિવિધ રાજ્યોના પ્રતિનિધિઓ સાથે સોમવારે યોજાયેલી વર્ચ્યુલ કોન્ફરન્સ દરમ્યાન ખાદ્યતેલના સ્ટોકમી મર્યાદાની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં ૨૩ રાજ્યોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ઉત્તર પ્રદેશ સરકારે તો છૂટક વેપારીઓ, જથ્થાબંધ વેપારીઓ, ખુબ મોટી સંખ્યાના ગ્રાહકો અને રિફાઈન કરનાર વેપારીઓ જેવી વિવિધ કેટેગરીના વેપારીઓ માટે ખાદ્યતેલનો કેટલો સ્ટોક રાખવો તેની લિમિટ નક્કી કરી નાંખી હતી અને તેની જાહેરાત પણ કરી દીધી હતી એમ પાંડેએ પીટીઆઈ સમાચાર સંસ્થાને કહ્યું હતું.

## CNG ભાવ વધારા મુદે રિક્ષાચાલકો રાજ્યવ્યાપી હડતાલ કરશે

અમદાવાદ,

સીએનજી ભાવ વધારો અને ભાડું નહીં વધતા પડેલી હાલાકી અંગે અનેક રજૂઆત છતાં કોઈ નિર્ણય નહીં આવતા હડતાળનો રસ્તો અપનાવવા રિક્ષાચાલકો જઈ રહ્યા છે. ૩૦ ઓક્ટોબરે હડતાળની તારીખ જાહેર કરવામાં આવશે. જણાવી દઈએ કે ૪ થી ૫ દિવસ હડતાળ પાડી રિક્ષા ચાલકો વિરોધ નોંધાવી શકે છે. હડતાળ પડતા અમદાવાદમાં ૨ લાખ ઉપર રિક્ષાના પૈડાં થમશે. ત્યારે લાખો રિક્ષાઓ રાજ્યભરમાં થંભી જશે. કોરોના બાદ દિવાળી તહેવારમાં થોડી કમાણી કરવાનો સમય મળતા દિવાળી બાદ હડતાળ પાડવાનું નક્કી કરાયું છે. CNG ભાવ વધારા મુદે રિક્ષાચાલકો હવે ઉગ્ર બન્યા છે. સીએનજી ભાવ વધારા અંગે રિક્ષા ચાલક એસોસિએશનની મિટિંગ યોજાઈ હતી. આ મહત્વનો નિર્ણય મિટિંગમાં લેવાયો છે. નિર્ણય અનુસાર ૩૦ ઓક્ટોબરે થશે રાજ્ય વ્યાપી રિક્ષા ચાલકોની મિટિંગ થશે. જેમાં મિટિંગમાં હડતાળ પાડવા અંગે ચર્ચા થશે. રાજયવ્યાપી બેઠક અમદાવાદ ખાતે બોલાવવામાં આવશે. દિવાળી બાદ રાજ્ય વ્યાપી હડતાળ પાડવાનો નિર્ણય હાલમાં લેવામાં આવ્યો છે.

## રાષ્ટ્રપતિ કોવિંદ ભાવનગર આવાસ યોજનાનું લોકાર્પણ કરશે

ભાવનગર,

તા. ૨૯ ઓક્ટોમ્બરના રોજ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ભાવનગર આવવાના છે. તેઓ ૧૦ વાગ્યે ભાવનગર એરપોર્ટ ખાતે ઉતરશે. ત્યાંથી તેઓ મહુવા મોરારીબાપુની મુલાકાત માટે જશે. બપોરે ૧૨ કલાકે મોરારીબાપુ સાથે મુલાકાત કરશે અને ત્યાર બાદ ભાવનગર પરત ફરશે. સાંજે ૪.૩૦ કલાકે ભાવનગર આવાસ યોજનાનું લોકાર્પણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. તેમજ તેઓ અહિયાં રાત્રીરોકાણ પણ કરવાના છે. રાષ્ટ્રપતિ ભાવનગર અતિથિગૃહ ખાતે રાત્રિ રોકાણ બાદ સવારે દિલ્હી પરત ફરશે.રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આગામી દિવસોમાં ગુજરાતના પ્રવાસે આવવાના છે. આગામી ૨૯ તારીખે ભાવનગર રાષ્ટ્રપતિ કોવિંદ આવશે. જ્યાં ભાવનગરમાં તેઓ આવાસ યોજનાનું લોકાર્પણ કરવા જઈ રહ્યા છે. એટલું જ નહીં મોરારીબાપુ સાથે પણ રાષ્ટ્રપતિ મુલાકાત કરશે તેવી માહિતી સામે આવી રહી છે. ત્યારે આ કાર્યક્રમો પતાવીને ભાવનગરમાં એક દિવસના રોકાણ બાદ બીજા દિવસે તેઓ દિલ્લી જવા રવાના થશે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ચૌહાણ રમણભાઈ જશવંતભાઈ

મુ. લવારીયા, તા. દે.બારીયા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પટેલ ગીતાબેન મનસુખભાઈ

મુ. રેઠાણા-પટેલ ફળીયું, તા. દે.બારીયા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

નાયક રમણભાઈ ગુરૂજીભાઈ

મુ. આમલી પાણી છોતરા, તા. દે.બારીયા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કનાસીયા કુવરસિંહ મનજીભાઈ

મુ. રામપુરાદેવી પટેલ ફળીયું, તા. દે.બારીયા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર વન વિભાગ દ્વારા જિલ્લાના પ્રવાસનધામ માનગઢ હીલ, સાતકુંડા, રૈયોલી અને કલેશ્વરી ખાતે હાથ ધરેલ સ્વચ્છતા અભિયાન

તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તા.૧લી થી તા. ૩૧મી ઓક્ટોબર,૨૦૨૧ દરમિયાન ''સ્વચ્છ ભારત-CLEAN INDIA'' અંતર્ગ નહેરૂ યુવા કેન્દ્ર-આણંદ અને જિલ્લા વહિવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે વિવિધ સ્વચ્છતાના કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત જિલ્લાના મહીસાગર વન વિભાગના ઉપક્રમે પ્રવાસનધામ માનગઢ હીલ, સાતકુંડા, રૈયોલી અને કલેશ્વરી ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ અભિયાનમાં વન વિભાગના સર્વ વૈભવ ખારેજા, રાજેન્દ્રસિંહ વાઘેલા, જયદીપસિંહ સોલંકી અને ઈશ્વરભાઈ તાવિયાડના નેતૃત્વ હેઠળ વન વિભાગના અધિકારીઓ-કર્મચારી, ફોરેસ્ટર, બીટગાર્ડ, વન સમિતિના સભ્યો, ભમરીકુંડાના સરપંચ સહિત સંબંધિત પ્રવાસનધામના ગામના સરપંચઓએ સહભાગી થઇ પ્રવાસન ધામને સુઘડ અને સ્વચ્છ બનાવ્યું હતું. સફાઇ દરમિયાન અધિકારીઓ-કર્મચારીઓએ પ્રવાસન ધામની ચારેય બાજુએથી સિંગલ યુઝ પ્લાસ્ટિક પણ એકત્રિત કરીને પ્રવાસન ધામની મુલાકાતે આવી રહેલા પ્રવાસીઓને પ્રવાસન ધામો સ્વચ્છ અને સુંદર રહે તે માટે ગમે ત્યાં કચરો ન નાંખતા કચરા પેટીમાં નાંખવા અને સિંગલ પ્લાસ્ટિકનો યુઝ ન કરવા અંગે સમજ આપવામાં આવી હતી.

જિલ્લાના આ ચારેય પ્રવાસન ધામમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત અંદાજે ૭૦ થી ૮૦ કિલોગ્રામ સિંગલ યુઝ પ્લાસ્ટિક સહિત કચરો એકત્ર કરીને પ્રવાસન ધામને સ્વચ્છ બનાવવાનો ભગીરથ પ્રયાસ કર્યો હતો.

# પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અમથાણી ખાતે રકતદાન કેમ્પ યોજાયો

લુણાવાડા,

જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓને તેમજ થેલેસેમિયાના દર્દીઓ અને રક્તની જરૂરીયાતવાળા દર્દીઓ નિઃશુલ્ક ધોરણે અવિરતપણે રક્ત મળી રહે અને રકતના અભાવે નિરોગી થવામાં અવરોધ ઉભો ન થાય તે માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જિલ્લામાં અવાર-નવાર રકતદાન શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જિલ્લા કલેકટર ડો.મનીષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહની રાહબરી હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, અમથાણી ખાતે આરોગ્ય ટીમ અને રેડક્રોસ સોસાયટી લુણાવાડાના ઉપક્રમે રકતદાન કેમ્પ યોજાયો હતો.

આ રકતદાન કેમ્પમાં જિલ્લાના એપેડેમીક ઓફિસર ડો. નરેન્દ્રગીરી ગોસાઇએ રકતદાન કરીને આપણું રકતદાન કોઇનો જીવ બચાવી શકે છે તેવો સંદેશો પાઠવીને રકતદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ રકતદાન કેમ્પમાં ૪૫ રકતદાતાઓએ પોતાના રક્તનું દાન કરીને રકતદાન-મહાદાનના મંત્રને સાર્થક કર્યો હતો.

આ રકતદાન કેમ્પમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટેના સરકારની ગાઇડલાઇનનું અને દિશાનિર્દેશોની સાથે ફરજિયાત માસ્કનો ઉપયોગ તેમજ સામાજિક અંતર જાળવવાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પનું ખૂબજ કાળજીપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું જેથી કોઈ પણ રક્તદાતાને કોરોના વાયરસનો ચેપ ન લાગે તેની કાળજી રાખવામાં આવી હતી.

## કલીન ઈન્ડિયા અંતર્ગત સંતરામપુર તાલુકાની મુરલીધર વિદ્યાલય દ્વાર યોજવામાં આવેલ સ્વચ્છતા રેલી

લુણાવાડા,

કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તા.૧લી થી તા. ૩૧મી ઓક્ટોબર,૨૦૨૧ દરમિયાન ''સ્વચ્છ ભારત-CLEAN INDIA '' અંતર્ગત નહેરૂ યુવા કેન્દ્ર- આણંદ અને જિલ્લા વહિવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે વિવિધ સ્વચ્છતાના કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત આજે મહીસાગર-લુણાવાડા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના ઉપક્રમે જિલ્લા શિક્ષણાધિકારીના માર્ગદર્શન હેઠળ સંતરામપુર તાલુકાની મુરલીધર વિદ્યાલયના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને કચેરીના અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક અંગેની જનજનમાં જાગૃતિ આવે તે માટે રેલી યોજવામાં આવી હતી. આ રેલીએ ગામના વિવિધ માર્ગો પર ફરીને નાગરિકોમાં હેન્ડ વોશ અને સિંગલ યુઝ પ્લાસ્ટિક અંગે જાગૃતિ લાવવાની સાથે માર્ગમાં સફાઇ કરી સિંગલ યુઝ પ્લાસ્ટિક એકત્રિત કરી માર્ગને સ્વચ્છ બનાવ્યો હતો.

## ગોધરા ITI આર્ય વિદ્યાલય પાછળ ગંદા પાણીના નિકાલ માટે પંચાયત ધ્યાન ન આપતા કલેકટરને રજુઆત

ગોધરા,

ગોધરા જાફરબાદ ગ્રામ પંચાયતના આઈ.ટી.આઈ. પાછળ આવેલ આર્ય વિદ્યાલય પાછળ ગંદા પાણીના નિકાલ માટે અવાર-નવાર રજુઆત થતાં નિકાલ કરવામાં નહિ આવતા આ બાબતે કોંગ્રેસ સમિતિ યુથ કોંગ્રેસ દ્વારા જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરાઈ.

ગોધરા જાફરાબાદ ગ્રામ પંચાયત આઈ.ટી.આઈ. પાછળ આવેલ આર્ય વિદ્યાલય પાછળ ગંદા પાણીના નિકાલના અભાવે ગંદકીનું સામ્રાજ્ય રહેતું હોય તેમજ મચ્છરજન્ય રોગ ચાલતા ભય રહેતા હોય પાણીના નિકાલ બાબતે જાફરબાદ પંચાયતને અવાર-નવાર રજુઆત છતાં કાર્યવાહી કરવામાં આવતી ન હોય આ બાબતે જીલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ મિખાએલ જોસેફ દ્વારા જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરવામાં આવી છે.

## રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ઝારાની ધી ન્યુ ઇંગ્લીશ હાઈસ્કૂલ ખાતે યોજાયેલ હેલ્થ એન્ડ વેલનેસ શિબિર

તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

રાજય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા બાળકોથી શરૂ કરીને વડીલો સુધીના આરોગ્યની સુખાકારી જળવાઇ રહે તે માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

શાળામાં અભ્યાસ કરતાં કિશોર અને કિશોરીઓમાં બાલ્યવસ્થાથી જ આરોગ્ય પ્રતિ જાગૃતિ આવે તેની આરોગ્યતા જળવાઇ રહે તે માટે રાજય સરકાર દ્વારા રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે.

આ કાર્યક્રમ અંતર્ગત લુણાવાડાના તાલુકા આરોગ્ય અધિકારી ડો. જે. કે. પટેલના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, વિરણીયા દ્વારા ઝારાની ધી ન્યુ ઇંગ્લીશ હાઇસ્કૂલ ખાતે એડોલેશન હેલ્થ એન્ડ વેલનેસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં શાળાના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અંગેની જાણકારી આપવાની સાથે કિશોરાવસ્થામાં થતા ફેરફારો, માસિક પ્રક્રિયા અને ગર્ભધારણ, વ્યકિતગત સ્વચ્છતા, એનિમિયા, આઇ.એફ.એ. ગોળી લેવાથી થતા ફાયદા, લોહતત્વ ખોરાક, નાની ઉંમરે લગ્ન, અભ્યાસ છોડી દેવાના કારણો, ધુમ્રપાનથી થતા નુકશાન જેવા વિષયોને આવરી લઇને વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યા હતા અને જાણકારી પણ આપવામાં આવી હતી. આ શિબિરમાં મેલ-ફીમેલ આરોગ્ય કર્મીઓ, આશાબહેન અને એડોલેશન હેલ્થ કાઉન્સિલરો હાજર રહ્યા હતા.

## BSF જવાનના પાકિસ્તાન સાથેના કનેકશન પકડી પાડતી ATS

કચ્છ,

એટીએસના અધિકારીઓને ગુપ્ત માહિતી મળી હતી કે, સજ્જાદ ઈમ્તીયાઝ (રહે.મુળ ગામ-સરૂલા તા.મંજાકોટ જી.રાજૌરી, જમ્મુ કાશ્મીર) હાલમાં બીએસએફ બટાલીયન ૭૪ ની ''એ'' કંપનીમાં ગાંધીધામ કચ્છ ખાતે ફરજ બજાવે છે. આ જવાન કોઈ શંકાસ્પદ કામ કરતો હોવાની માહિતી અમદાવાદ એટીએસને મળી હતી. આ અંગે એટીએસના હિમાંશુ શુક્લાએ જણાવ્યું હતું કે, સજ્જાદ સને ૨૦૧૨ મા બીએસએફમા કોન્સ્ટેબલ તરીકે ભરતી થઈ જુલાઇ/૨૦૨૧ થી ગાંધીધામ ખાતે બટાલીયન ૭૪ ની ''એ'' કંપનીમા ફરજ બજાવે છે. આરોપીના મોબાઇલ નંબરનું કેફ મંગાવી ખરાઇ કરતા તે તેના નામે જ છે અને જેમા તેણે આઇડીપ્રુફ તરીકે તેનુ આધાર કાર્ડ આપેલુ હતું. જેમા તેની જન્મ તારીખ ૦૧/૦૧/૧૯૯૨ ની દર્શાવેલ હતી. RPO જમ્મુ ખાતેથી તેના નામનો ભારતીય પાસપોર્ટ નંબર H-9358314 નો કઢાવ્યો હતો જેમા તેણે જન્મ તારીખ અંગે એફીડેવીટ કરેલી હતી. જેમા તેણે તેની જન્મ તારીખ ૩૦/૦૧/૧૯૮૫ દર્શાવેલી હતી. આ પાસપોર્ટ દ્વારા તેણે તારીખ ૦૧/૧૨/૨૦૨૧૧ ના રોજ અટારી રેલ્વે સ્ટેશનથી સમજૌતા એક્ષપ્રેસ દ્વારા પાકીસ્તાનની મુસાફરી કરી હતી અને પાકીસ્તાન ખાતે તા. ૦૧/૧૨/૨૦૧૧ થી તા.૧૬/૦૧/૨૦૧૨ સુધી ૪૬ દિવસ રોકાયો હતો. આરોપી બીજો ફોન નંબર પણ વાપરતો હતો. જેના સીડીઆર જોતા તે જ ફોનમા વપરાતુ હતુ તેના IMEI જોતા તારીખ ૧૪-૧૫/૦૧/૨૦૨૧ દરમ્યાન આ ફોનમા બીજું સિમ કાર્ડ વાપરેલું હતુ. આ સીમ સત્યગોપાલ ઘોષ (રહે. ઈન્દ્રનગર, ત્રિપુરા)ના નામે રજીસ્ટર થયું હતુ. જેના સીડીઆર જોતા આ સીમકાર્ડ તારીખ ૦૭/૧૧/૨૦૨૦ ના રોજ એક્ટીવ થયુ હતુ અને તેમા કંપનીના ૦૨ કોલ આવ્યા હતા. તારીખ ૦૭-૦૮-૦૯/૧૧/૨૦૨૦દરમ્યાન ઉપરોક્ત ફોનમા એક્ટીવ હતુ તથા તારીખ ૧૦/૧૧/૨૦૨૦થી ૨૫/૧૨/૨૦૨૦ સુધી બંધ હતુ. ફરી તારીખ ૨૬/૧૨/૨૦૨૦થી એક્ટીવ થયુ હતુ. તારીખ ૧૫/૦૧/૨૦૨૧ ના રોજ આ સીમ એક્ટીવ થયેલુ અને તેમા ૧૨:૩૮:૫૧ વાગે એક SMS આવ્યો હતો. જે વોટ્સએપનો OTP હોવાનું બહાર આવ્યું હતું અને ત્યાર બાદથી આ ફોન બંધ છે. આરોપી એ આ ફોન ઉપર OTP મેળવી પાકીસ્તાનમા આ OTP મોકલી વોટ્સએપ ચાલુ કરાવી તેના ઉપર ગુપ્ત માહીતી પહોચાડતો હતો. આ નંબર પર હાલમા પણ વોટ્એપ ચાલુ છે. તે પાકીસ્તાનમા કોઇ શખ્સ વાપરે છે અને સજ્જાદ સાથે સંપર્કમા છે. આ સજ્જાદ ગુપ્ત માહીતી બદલ તેના ભાઇ વાજીદ તથા તેની સાથે નોકરી કરતા મિત્ર ઇકબાલ રશીદના ખાતામા પૈસા જમા કરાવી પોતે મેળવી લેતો હતો. આરોપીને પકડી તેની પાસેથી કુલ બે મોબાઇલ સીમાકાર્ડ સાથેના તથા વધારાના બે સીમાકાર્ડ મળી કબજે કર્યા હતા.ગાંધીધામ કચ્છ ખાતે ફરજ બજાવતા બીએસએફ બટાલીયન ૭૪ માં નોકરી કરતા જવાનની જાસૂસી કાંડમાં એટીએસએ ધરપકડ કરી છે. બીએસએફની અતિ ગુપ્ત અને સંવેદનશીલ માહીતી પોતાના મોબાઇલ મારફતે પડોશી દુશ્મન દેશ પાકિસ્તાનમાં મોકલતો હતો અને તેના બદલામા પૈસા મેળવી દેશ વિરોધી પ્રવૃત્તી આચરતો હતો.

## ગોધરા તાલુકાના ગચાસી ગામે ખાનગી જમીન પચાવી પાડનાર પાંચ આરોપીની જામીન કોર્ટ દ્વારા રદ કરાયા

ગોધરા,

ગોધરા તાલુકાના ગવાસી ગામમાં તદ્દન ખોટી રીતે ખાનગી માલિકીની જમીન પચાવી પાડનાર પાંચ આરોપીઓનાં નિયમિત જામીન નામદાર કોર્ટ દ્વારા રદ કરવામાં આવ્યા. ગોધરા તાલુકાના ગવાસી ગામે દેવકરણ લાખાભાઈ ચારણ વિગેરે એફરીયાદી કાનાભાઈ રવસુરભાઈ ચારણની ખાનગી માલિકીની ખેતીની જમીન તદ્દન ખોટી રીતે પચાવી પાડેલ હતી જે બાબતે આરોપી દ્વારા ફરીયાદી ને અવાર નવાર જાન થી મારી નાખવાની ધમકી ઓ આપવામાં આવતી હતી. જેથી હાલ નામદાર ગુજરાત સરકાર શ્રી દ્વારા જનહિતમાં જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદો લાવવામાં આવતા તે હેઠળ ફરિયાદી દ્વારા પંચમહાલ જિલ્લાના મહેરબાન કલેક્ટર શ્રી સમક્ષ અરજી કરતાં તે અરજી ઉપર ફરિયાદ દાખલ કરવાનો હુકમ કરતાં તેના આધારે ગોધરા તાલુકા પોલીસ સ્ટેશન માં ગુન્હો નોંધાયેલ અને ગુનાની તપાસ નાયબ જિલ્લા પોલીસ વડા હિમાલા જોશી એ સંભાળી લીધી હતી અને તમામ આરોપી ઓની ધરપકડ કરવામાં આવી હતી. જેથી આરોપી દ્વારા પંચમહાલ જિલ્લાના સ્પેશિયલ કોર્ટ લેન્ડ ગેબિગ ડી.જે.શાહ સમક્ષ નિયમિત જામીન અરજી દાખલ કરવામાં આવતા નામદાર કોર્ટ દ્વારા જિલ્લા સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોરની વિગતવારની દલીલો તથા તમામ પોલીસ તપાસના કાગળોને આધારે આરોપી ઓની નિયમિત જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે.

## ગોધરા બસ સ્ટેન્ડ માંથી ચોરી થયેલ બાઇક સાથે ઈસમને બામરોલી રોડ ખાતેથી એલસીબી પોલીસે ઝડપ્યો

ગોધરા,

ગોધરા બસ સ્ટેશન પાર્કિંગ માંથી આઠ દિવસ અગાઉ ચોરી થયેલ મોટર સાયકલ સાથે ફરતા ઈસમને બામરોલી રોડ ખાતેથી એલ.સી.બી. પોલીસે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, બસ સ્ટેન્ડ પાર્કિંગ માંથી ૮ દિવસ અગાઉ ચોરી થયેલ મોટર સાયકલ નં. જીજે.૧૭.એ.એલ.૦૩૧૧ની ચોરીની ફરિયાદના આધારે નેત્રમના આધારે જાણકારી મળી હતી કે, ચોરીની બાઇક લઈને ઈસમ ગોધરામાં ફરે છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે બામરોલી રોડ વૃંદાવન સોસાયટી નાકા પાસે ગોઠવીને બાઈક સાથે કમલેશ ફતેસીંગ બારીયા રહે. રીછીયા તા.ગોધરાને ઝડપી પાડવામા આવ્યો હતો. પકડાયેલ ઈસમની પુછપરછ દરમિયાન ગોધરા બસ સ્ટેશન માંથી બાઈક ચોરી કર્યાની કબુલાત કરવામાં આવી.

## ગોધરાના બખ્ખર ગામે કુવા માંથી ૨૫ વર્ષીય અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો

ગોધરા,

ગોધરા તાલુકાના બખ્ખર ગામે નિશાળ ફળીયામાં કુવામાં ૨૫ વર્ષીય અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના બખ્ખર ગામે નિશાળ ફળીયામાં મોહનભાઈ બારીયાના ઘર પાછળના ભાગે આવેલ કુવામાં અજાણ્યો ૨૫ વર્ષીય ઉંમરના યુવકનો પાણીમાં ડુબી ગયેલ મૃતદેહ મળી આવ્યો. આ બાબતે પોલીસને જાણ કરતા ગોધરા તાલુકા પોલીસ ઘટના સ્થળે પહોંચી મૃતદેહને બહાર કાઢીને પી.એમ.અર્થે ખસેડવામાં આવ્યો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## આજનું રાશી ભવિષ્ય | તા.૨૭/૧૦/૨૦૨૧ બુધવાર

મેષ : (અ.લ.ઈ.), ખોટા ખર્ચાઓ ઉપર કાબુ રાખવુ, મોટા રોકાણમાં અનુભવીની સલાહ લેવી, સંતાનોની સામાન્ય ચિંતા રહેશે, જુની વાતોને ભુલી નવા કામમાં ધ્યાન આપો.

વૃષભ : (બ.વ.ઉ.), કામમાં ઉત્સાહમાં વધારો થશે, ભાઈઓ અને પરિવારના સભ્યોનો સહકાર મળશે ,અમુલ્ય વસ્તુ મેળવવાની અભિલાષા પુરી થશે ,મહત્વપૂર્ણ નિર્ણયો ના લેવા.

મિથુન : (ક.છ.ઘ.), આર્થિક સ્થિતિ મજબૂત બનશે, ધન પદ પ્રતિષ્ઠામાં વધારો થશે, પરિવાર-સંતાનોના પ્રશ્નો હળવા બનશે, માનસિક વ્યાકુળતા જણાશે.

કર્ક : (ડ.હ.), યાત્રા પ્રવાસથી લાભ થાય, સન્માન અને લાભ મળશે, તબીયત બાબતે કાળજી રાખવી, કારણ વગરનો તનાવ રહેશે.

સિંહ : (મ.ટ.), પિતા અથવા વડીલનો સહકાર મળશે, ભાગ્યબળનો વધારો થશે, પરિવારથી તનાવ જણાશે, વાણી ઉપર સંયમ રાખવો જરુરી છે.

કન્યા : (પ.ઠ.ણ.), પારિવારિક જીવન સુખમય રહેશે, સંતાનોથી લાભ થશે, ધનપ્રાપતિના ઉત્તમ યોગો જણાય છે, લેવડ દેવડમાં સાવધાની રાખવી.

તુલા : (ર.ત.), ધંધાકિય બાબતે તકલીફ જણાશે, કારણ વગરની ચિંતા અનુભવશો, જુના સબંધી મીત્રોની મુલાકાત થશે, ધન હાનીની સંભાવના છે.

વૃશ્ચિક : (ન.ય.), હરિફાઇવાળા કામમા વિજય થશે, તબીયત બાબતે સાચવવુ, અટવાયેલા કામો પૂર્ણ થશે, વિરોધીઓ પરાજીત થશે.

ધન : (ભ.ધ.ફ.ઢ.), આર્થિક યોજનાઓ સફળ બનશે, સન્માન અને ધનનો લાભ મળશે, સંતાન સબંધે સારુ સુખ મળશે, વ્યવસાયમાં નવી તકો મળશે.

મકર : (ખ.જ.), ધંધા રોજગારમાં સારી સફળતા મળશે, મકાનસુખ સારુ મળશે, નવા વાહન લેવાના યોગ બને છે, ખોટા ખર્ચાઓ ઉપર કાબુ રાખવો.

કુંભ : (ગ.શ.ષ.સ.), ઘર વપરાશની ચીજોમાં વધારો થશે, આજીવિકામાં નવી તકો મળશે, પરિવારથી સામાન્ય તણાવ જણાશે, આવક જાવકનું પ્રમાણ જળવાઇ રહેશે.

મીન : (દ.ચ.ઝ.થ.), ધંધાકિય યોજનાઓ પરિપૂર્ણ થશે, ચામડી અથવા પેટ વિષયક સામાન્ય ફરીયાદ જણાશે, પરિવારજનોનો સહયોગ મળશે, ભાગીદારીવાળા કામમાં સાચવીને કામ કરવુ.

# ચીને ભારતને હેરાન કરવા નવો બોર્ડર લેન્ડ એક્ટ બનાવ્યો

નવી દિલ્હી,

ચીને તિબેટ સરહદ નજીક ૬૦૦ થી વધુ માનવ વસાહતો વસાવેલી છે. નવા રસ્તોઓ બનાવીને તેની મરામતનું કામ પણ કરેલું છે. આ કાર્યમાં લગભગ ૩૦૮૦ કિમી જેટલો સરહદી વિસ્તાર આવરી લીધો છે. ચીન સાથે ભારતની ૩૪૮૮ કિમી લાંબી સરહદ છે જેમાં સરહદે જમ્મુ, કાશ્મીર, હિમાચલપ્રદેશ, ઉત્તરાખંડ, સિકિકમ અને અરુણાચલપ્રદેશ સુધી ફેલાયેલી છે. જમ્મુ કાશ્મીરને પશ્ચિમી સેકટર, મિડલ સેકટરનેમાં હિમાચલ અને ઉતરાખંડ તથા પૂર્વી સેકટરમાં સિકિકમ અને અરુણાચલ આવે છે. પૂર્વી સેકટરમાં બંને દેશો વચ્ચે હદ અને વિસ્તાર બાબતે ઝગડો ચાલે છે. ચીને બોર્ડર એકટમાં સુધારો કરવા પાછળ સિચિંયાગ પ્રાતમાં રહેલા ઉઇગરોની સમસ્યા પણ છે. આ પ્રાંત અફઘાનિસ્તાનની બોર્ડર સાથે જોડાયલો છે અને તાલિબાની રાજ આવ્યા પછી અફઘાનિસ્તાન બાબતે ચીન વિશેષ સજાગ જોવા મળે છે. ઉઇગર મુસ્લિમો પર ચીનના અત્યાચારો જગ જાહેર છે. ધાર્મિક ઝનુન ધરાવતું સંગઠન ઉઇગરો બાબતે ચીન સરહદે હસ્તક્ષેપ ના કરે તે માટે પાણી પહેલા પાળ બાંધી રહયું છે. ચીનનો પૂર્વી લડાખ અને પૂર્વોત્તર ભારતના રાજયોમાં સરહદી વિવાદ ચાલે છે. જુદા જુદા તબક્કાની ૧૩ જેટલી વાર્તા બેઠકો યોજાઇ પરંતુ તેનું પરીણામ શુન્ય રહયું છે. કમાંડર સ્તરની વાતચિતમાં ચીન ટસનું મસ ન થતા સરહદી વિવાદ વધારે વકરે તેવી શકયતા છે. આવા સમયે ચીને એ સરહદ પરની જમીન અંગવા કાનુનમાં ફેરફાર કરીને તેની ચીનના આધિપત્ય અને ક્ષેત્રિય અખંડિતતા સાથે જોડયો છે. આથી જયાં સુધી ભારતને લાગેવળગે છે ત્યાં સુધી ચીન સરહદે વિવાદ વધુ વકરશે. નિષ્ણાતોનું માનવું છે કે ચીન ભલે સીમામાં કોઇ ફેરફાર ન કરે પરંતુ તે પોતાની વિવિધ દેશોની બોર્ડર માટે અતિ જાગ્રૃત છે એ દર્શાવે છે. ચીનના નવા ભૂમિ સીમા કાનુન મુજબ સરહદ પર ખતરો જણાય કે યુધ્ધની સ્થિતિ ઉભી થાય તેવા સંજોગોમાં પોતાની સરહજો સીલ કરી શકે છે એટલું જ નહી આ કાનુનમાં સીમા સુરક્ષા સાથે જોડાયેલા વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટકચર ડેવલપમેન્ટ પર પણ ભાર મુકે છે. જો કે વાસ્તિવિક સ્થિતિ જાળવી રાખવા માટે વાસ્તવિક નિયંત્રણ રેખા (લાઈન ઓફ એક્ચ્યૂઅલી કંટ્રોલ ) એલએસી શબ્દ વપરાય છે. ચીન નવા સરહદી કાયદાને લઈને આક્રમકતા બતાવી શકે છે પરંતુ ભારતે પણ ઘણા સમયથી એલએસી પર ઈન્ફ્રાસ્ટ્રચર સુધારવા પર ભાર મુકયો છે. ટનલ, બ્રિજ,હેલિપેડ અને રસ્તાઓ બનાવ્યા છે. ભારતે ૩૪૪૮ કિમી લાંબો સરહદી માર્ગ તૈયાર કરવાનું બીડુ બોર્ડર રોડસ ઓર્ગેનાઇઝેશન (બીઆરઓ)એ ઝડપ્યું છે જેમાંથી મોટા ભાગની પરીયોજનાઓ પૂર્ણ થવામાં છે. ચીન ગમે તેટલી સક્રિયતા દર્શાવે ભારત પણ બોર્ડર સુરક્ષા અને આંતર માળખાકિય સુવિધા ઉભી કરવામાં પાછું વાળીને જોશે નહી. ચીને તેના ૧૪ જેટલા પાડોશી દેશોમાંથી ૧૨ સાથે સરહદી વિવાદો લગભગ ઉકેલી લીધા છે જયારે ભારત સાથેનો સરહદી વિવાદ અકબંધ છે. લડાખમાં કાંકરીચાળો કર્યા પછી ભારત અને ચીનના રાજકિય અને આર્થિક સંબંધો પર પણ વિપરીત અસર થઇ છે. તેમ છતાં એટલું તો ચોકકસ છે કે ચીન અને ભારત વચ્ચેના સરહદી સંબંધો ચીન ઉકેલવાના સ્થાને પેચિંદા બનાવી રહયું છે આથી ભારતે વિશેષ સાવધ રહેવાની જરુર છે. આ નિર્માણકાર્યની જાહેરાત જ ચીનનો ઉબાડિયા કરવાનો સ્વભાવ દર્શાવે છે. ચીનના કાનુન મુજબ સરહદી સુરક્ષા મજબૂત કરવા ઉપરાંત આર્થિક અને સામાજિક વિકાસમાં યોગદાન આપવા માટે મુળભૂત આંતર માળખાકિય સુવિધા વધારી શકે છે. ચીન સાથે ભારતની જમીન સીમા જોડાયેલી છે દરિયા સીમા નહી અને આ નવો સરહદી કાયદો પણ જમીન સીમા સાથે જ જોડાયેલો છે જેમાં સુરક્ષા અને વિકાસ શબ્દ પર ભાર મુકવામાં આવ્યો છે. ચીન સરહદ નજીક માનવ વસ્તી લાવીને નાના ટાઉન કે ગામો પણ ઉભા કરી શકે છે. પ્રાપ્ત માહિતી મુજબ આ નવો કાયદો આવનારા ૨૦૨૨ જાન્યુઆરીથી અમલમાં મુકવાનું છે પરંતુ બોર્ડર ઈન્ફ્રાસ્ટ્રકચર અને ટાઉન નિર્માણનું કાર્ય ચીને કાનુન પહેલા પણ કરેલું જ છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે દિવાળીના તહેવારને લઈ ટ્રેનો મુસાફરો અને વાહનોનું ચેકીંગ કરાયું

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દિવાળીના તહેવારોને અનુલક્ષીને દાહોદ રેલવે સ્ટેશન ખાતે ગુજરાત રેલવે પોલીસ આરપીએફ તેમજ બોંબ સ્કવોડની ટીમે દાહોદ રેલવે સ્ટેશન ખાતેથી અવર–જવર કરતી ટ્રેનો, મુસાફરો તેમજ પાર્કિંગ સ્ટેન્ડ સહિત રેલવે પતંગણમાં મુકેલા વાહનોનો સંયુક્ત રીતે ચેકિંગ હાથ ધરવામાં આવ્યો હતો.

મુસાફરોના હિતને ધ્યાનમાં રાખી અને હાલ દિવાળીનો તહેવાર નજીક હોવાથી દાહોદ થી પસાર થતી ટ્રેનોમાં મુસાફરોની અવર જવર વધવા પામી છે. જેના પગલે દિવાળીના તહેવારોમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગુજરાત રેલવે પોલીસ,આરપીએફ તેમજ વડોદરાની બોંબ સ્કવોડની ટીમે આજરોજ દાહોદ રેલવે સ્ટેશન ખાતે અવર જવર કરતી ટ્રેનોમાં, મુસાફરો તેમજ પાર્ક કરેલા વાહનોની અલગ અલગ ટીમો બનાવી સંયુક્ત રીતે ચેકિંગ હાથ ધર્યું હતું. મુસાફરોના માલસામાનની બેગની તપાસ હાથ ધરવામાં આવી હતી. હાલ દાહોદ રેલવે સ્ટેશન ખાતે રેલવે પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# દાહોદ શહેરમાં ડેન્ગ્યુના કેસો માટે હાથ ધરાયેલ મેગાડ્રાઈવમાં ૧૨૪ નવા કેસો મળી આવ્યા

દાહોદ,

દાહોદ શહેરમાં ડેન્ગ્યુના કેસોમાં કુદકે ભુસ્કે વધારો થઈ રહ્યો છે. જેને પગલે દાહોદ નગરપાલિકાની આરોગ્ય અને દાહોદ તાલુકા આરોગ્ય કચેરીની સંયુકત ટીમે ડેન્ગ્યુને નાથવા માટે મેગા ડ્રાઈવ યોજતા ૧૨૪ કેસો મળી આવ્યા હતા. ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુણીયા જેવા રોગોએ માથું ઉંચકતા લોકોમાં આરોગ્યલક્ષી ચિંતા વધી છે.

દાહોદ શહેરમાં ડેન્ગ્યુના કેસો વધતા સફાળે જાગેલા આરોગ્ય તંત્રની ટીમ કામે લાગી હતી. દાહોદ શહેરમાં ૧૨૪ ડેન્ગ્યુના કેસો નોંધાયા છે. ડેન્ગ્યુના કેસોને નિયંત્રણમાં લાવવા અન્ય મચ્છરજન્ય રોગોને નાબુદ કરવા કુલ ૧૫૦ ટીમો દ્વારા શહેરમાં મેગા ડ્રાઈવનુ આયોજન કર્યુ છે. આ મેગા ડ્રાઈવની ટીમ દાહોદ શહેરની દરેક સોસાયટી, ગલી, મહોલ્લા, શેરીઓ, કસ્બાઓ વિસ્તારમાં તપાસ હાથ ધરનાર છે. તેની સાથે ફોગિંગની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. આઈસીની કામગીરી, ઈન્ટ્રાપેરા ફોગિંગની કામગીરી સાથે સાથે દરેક જે ડેન્ગ્યુગ્રસ્ત વિસ્તારો છે તેવા વિસ્તારોમાં સતત આરોગ્યલક્ષી કામગીરી કરવામાં આવના છે. ડેન્ગ્યુની સાથે સાથે હાલ જયારે શિયાળાની ઋતુના પ્રારંભે ચીકનગુણીયા, ખાંસી–શરદી, તાવ, માથું વગેરે જેવી બિમારીઓથી લોકો ભારે પરેશાન છે. અને આવી બિમારીઓના કેસોથી હોસ્પિટલો તેમજ દવાખાનાઓ ઉભરાઈ રહ્યા છે.

દાહોદ શહેરની સાથે સાથે દાહોદ તાલુકાના ગ્રામિણ વિસ્તારોમાં આ ટીમ દ્વારા ડ્રાઈવ કરવામાં આવશે. દાહોદ તાલુકા અને દાહોદ ગ્રામિણ વિસ્તારોમાં ડેન્ગ્યુ કંટ્રોલમાં આવે તે પ્રમાણે કામગીરી કરવામાં આવનાર છે.

## આઝાદી કા અમૃત મહોત્સવમાં યોજાયેલ નિબંધ સ્પર્ધામાં એસ.આર. હાઈસ્કુલના મનન પરમારે જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું

દાહોદ,

તારીખ ૨૬.૧૦.૨૦૨૧ ના રોજ જિલ્લા શિક્ષણ ભવન ડાયટ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં નિબંધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં શાળાના ઘણા વિદ્યાર્થીઓએ આ નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમા મનન ગજેન્દ્ર પરમારે નિબંધ સ્પર્ધામાં જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતાં શાળા, પરિવાર તેમજ સમાજનું નામ રોશન કર્યું હતું. મનન પરમારને પ્રમાણપત્ર તેમજ રૂપિયા ૧૦૦૦ નું રોકડ ઇનામ, બેગ પ્રાપ્ત થયું હતું. દેવગઢ બારીઆની એસ . આર હાઈસ્કૂલ તથા સમગ્ર જિલ્લાના ગૌરવમાં વધારતાં સૌ કોઈએ મનનને અભિનંદન પાઠવ્યાં હતાં. હવે આ હરિફાઈમાં આગળ રાજ્ય કક્ષાએ ભાગ લેશે.

## ગરબાડાના સીમળીયા બુઝર્ગ ગામે ફોર વ્હીકલમાં લઈ જવાતો ૬૭ હજારનો દારૂ ઝડપ્યો

ગરબાડા,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના સીમળીયા બુઝર્ગ ગામે પોલીસની નાકાબંધી દરમ્યાન એક ફોર વ્હીલર ગાડીમાંથી રૂા.૬૭,૯૨૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા.૩,૭૭,૯૨૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

ગરબાડા પોલીસને મળેલ બાતમીના આધારે ગત તા.૨૫મી ઓકટોમ્બરના રોજ નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતાં તે સમયે બાતમીમાં દર્શાવેલ એક ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની બની હતી અને નજીક આવતાંની સાથે ચારેય તરફથી ગાડીની ઘેરી લઈ તેમાં સવાર ચાલક જયેશભાઈ અજીતભાઈ ગણાવા (રહે. અભલોડ, ધોળાદાતા ફળિયું, તા.ગરબાડા, જિ.દાહોદ) ની અટક કરી પોલીસે ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ. ૫૪૦ કિંમત રૂા. ૬૭,૯૨૦ નો મુદ્દામાલ સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૩,૭૭,૯૨૦ નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ઉપરોકત ચાલક વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ માં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દાહોદ દ્વારા કાર્યક્રમ યોજાયો

દાહોદ,

તા. ૨૫/૧૦/૨૧ ના રોજ સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ),જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દાહોદ દ્વારા નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના સહયોગથી દાહોદ જિલ્લામાં સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૨૧ (SSG - 2021) અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા SSG - 2021 એપ્લીકેશન ડાઉનલોડ કરી એપ્લીકેશન દ્વારા પ્રતિભાવ મેળવવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. દાહોદ જિલ્લા માં સ્વચ્છ સર્વેક્ષણ – ૨૦૨૧ અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાએ તા.૦૯/૦૯/૨૦૨૧ના આરંભ કરવામાં આવેલ હતો તથા રાજ્ય કક્ષાએથી માન. મંત્રી દ્વારા તા.૦૬/૧૦/૨૦૨૧ના રોજ આરંભ કરવામાં આવેલ છે. તેના ભાગરૂપે દાહોદ જિલ્લાના પ્રતિભાવો મેળવવા માટે નવજીવન સાયન્સ કોલેજ દાહોદના ૩૦૦ થી વધારે વિદ્યાર્થીઓ તેમજ ગજ્જ એકમના સ્વયંસેવકો દ્વારા SSG 2021 એપ્લીકેશનથી પ્રતિભાવ આપવામાં આવ્યા હતા. જેમાં જિલ્લા કો.ઓર્ડીનેટર વિવેકભાઈ પ્રજાપતિ સર, એસ.ડબલ્યુ.એમ. કન્સલટન્ટ વિરાભાઈ ડાભી, કોલેજ પ્રિન્સિપાલ ડો. ખરાદી સર, સ્ટાફ સભ્યો તેમજ NSS ના પ્રોગ્રામ ઓફિસર ડો.શ્રેયસ પટેલ હાજર રહ્યા હતા.

## ગરબાડાના વેપારીનું ટ્રેકટર ચોરી થઈ જતાં ફરિયાદ

ગરબાડા,

દાહોદ જિલ્લાના ગરબાડા નગરમાંથી એક વેપારીનું રૂા.૩ લાખનું ટ્રેક્ટર કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગરબાડા નગરમાં રહેતાં અને મુળ દાહોદ શહેરમાં રહેતાં વેપારી મનસુરભાઈ મોહસીનભાઈ બોરીવાલાએ ગત તા.૧૬મી ઓક્ટોમ્બરના રોજ પોતાનું ટ્રેક્ટર ગરબાડાના ભાભરા રોડ ઉપર લોક મારી પાર્ક કર્યું હતું. આ ટ્રેક્ટરને કોઈ અજાણ્યા ઈસમોએ ટ્રેક્ટરનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે મનસુરભાઈ મોહસીનભાઈ બોરીવાલાએ ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ધાનપુરના આંબાકાચ ગામની સગીરાને બાઈક ઉપર ભગાડી જતાં ફરિયાદ

ધાનપુર,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના આંબાકાચ ગામેથી એક ૧૩ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી એક યુવકે મોટરસાઈકલ પર બેસાડી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગરબાડા તાલુકાના ભે ગામે રહેતા રસીકભાઈ બદીયાભાઈ ભુરીયાએ ગત તા.૧૩મી સપ્ટેમ્બરના રોજ ગરબાડા તાલુકામાં રહેતી એક ૧૩ વર્ષીય સગીરા ખેતરમાં ઘાસ કાપવા ગઈ હતી. તે દરમ્યાન રસીકભાઈ પોતાના કબજાની મોટરસાઈકલ લઈ સગીરા પાસે આવ્યો હતો અને સગીરાને પટાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ સેવા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટે ૩૧૨ બાળકોને દત્તક લીધા

લીમખેડા,

વિવિધ તહેવારોમાં રાશનકિટ તથા મીઠાઈનું પણ વિતરણ વિનામૂલ્યે સેવા ભાવે આપવામાં આવી રહ્યું છે. કોરોના મહામારી અંતર્ગત સેવા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૬૧૨ જેટલા જરૂરિયાતમંદ પરિવારોને રાશનકિટ અર્પણ કરવામાં આવી હતી. ચાલુ વર્ષે સ્વ.સાવિત્રીબેન નંદકિશોર શાહના સ્મરણાર્થે ૧૯૬ જેટલા નિરાધાર બાળકોને મીઠાઈના પેકેટ તથા કશ્યપભાઈ મહેતા (અમેરિકા) તરફથી રાશનકિટ અર્પણ કરવામાં આવી હતી. સેવા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તાત્કાલિક સારવાર માટે એક એમ્બ્યુલન્સ સેવા પણ પૂરી પાડવામાં આવી રહી છે. દાહોદ જિલ્લાના લીમખેડા દાહોદ દેવગઢ બારીયા ગરબાડા ધાનપુર તાલુકાઓના ૩૬ જેટલા ગામોમાં સેવા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દિવાળી પર્વ નિમિત્તે રાશનકિટનું વિતરણ કરાયું છે.દાહોદ જિલ્લામાં વિવિધ તાલુકાઓમાં છેલ્લાં ત્રણ વર્ષથી સેવા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. શિક્ષકો દ્વારા સંચાલિત આ ટ્રસ્ટમાં શિક્ષકો પોતાની આવકનો અમુક ટકા હિસ્સો પિતા ગુમાવનાર નિરાધાર બાળકોના શૈક્ષણિક ખર્ચ માટે ફાળવવામાં આવી રહ્યો છે. ટ્રસ્ટ નિરાધાર બાળકોનો ધોરણ ૧૨ સુધીનો શૈક્ષણિક ખર્ચ ઉપાડશે.જેમાં વર્ષ દરમિયાન બાળકોને બે જોડ કપડાં ચંપલ સ્ટેશનરી નોટબુક સ્વેટર વિગેરે વિનામૂલ્યે પૂરુ પડાશે.

## સંજેલી ગ્રામ પંચાયતમાં યોજાનાર ચુંટણી પહેલા સરપંચ અને તલાટી દ્વારા મતદાર યાદીમાં છબરડા કર્યાના આક્ષેપ

દાહોદ,

સંજેલી તાલુકાની ગ્રામ પંચાયતોની ચુંટણીના ગણતરીના દિવસો બાકી છે જેથી ચુંટણીનો માહોલ ગરમાયો છે. પરંતુ સંજેલી ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ કિરણભાઈ રાવત અને તલાટી દ્વારા ડે.સરપંચ સહિતના સભ્યો અને ગ્રામજનોને અંધારામાં રાખી પોતાની પેનલનો વિજય થાય તે માટે મનસ્વી રીતે મતદાર યાદી અને વોર્ડ રચના એકબીજાના મેળાપીપણાથી મનફાવે તેવી રીતે પત્રક બનાવી ખોટુ કરતા ગ્રામજનોમાં રોષ ફાટી નીકળ્યો છે. સામાન્ય અને બક્ષીપંચ બેઠકો ઉપર ૫૦૦ઉપરાંત મતદારોની વોર્ડ રચના અને સરપંચે પોતાના ઉમેદવારોના વિસ્તારમાં ૧૫૦ મતદારોની વોર્ડ રચના કરી અને લગભગ પાંચ હજારની વસ્તીમાં માત્ર બાર વોર્ડ જ બનાવી બક્ષીપંચ તેમજ સામાન્ય લોકોને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે. જેથી વર્ષ–૨૦૧૬ પ્રમાણે મતદાર યાદી વોર્ડ રચના કરવાની માંગ કરવામાં આવી જો તેમ કરવામાં નહિ આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવાની તેમજ ચુંટણીનો બહિષ્કાર કરવાની ચિમકી સાથે સંજેલી ગામના આગેવાનો તેમજ માજી સરપંચ ડે.સરપંચ સહિતના લોકો દ્વારા મામલતદારને લેખિત રજુઆત કરવામાં આવી છે. આમ સંજેલી તાલુકામાં કુલ ૫૯૮૫ વોર્ડ બનાવી દેવાયાનો મુદ્દો ચર્ચાની એરણે ચઢ્યો છે.

## દાહોદ NSS એકમ દ્વારા HIV, TB અને બ્લડ ડોનેશન વિષય પર સેમિનાર અને પોસ્ટર પેઈન્ટિંગ સ્પર્ધાનું આયોજન

દાહોદ,

તા. ૨૬/૧૦/૨૧ ના રોજ રેડ રિબન ક્લબ ગુજરાત સ્ટેટ એડ્સ કંટ્રોલ સોસાયટી સંચાલિત TI પ્રોજેક્ટ અર્બન હોસ્પિટલ, દાહોદ અને નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ એન.એસ.એસ. એકમ ના સંયુક્ત ઉપક્રમે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત નવયુવાનોને HIV, TB અને બ્લડ ડોનેશન માટે જાગૃતિ લાવવા માટે સેમિનારનું અને પોસ્ટ પેઈન્ટિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા HIV/TB ના મેડિકલ ઓફિસ ડો.અમરસિંહ ચૌહાણ, જિલ્લા સુપરવાઈઝર સતિષભાઈ રાજોરા, પ્રોગ્રામ ઓફિસ (GSNP+) જાગૃતિબેન પટેલ, TI પ્રોજેક્ટ મેનેજર નિલેશભાઈ ભટ્ટ, કાઉન્સિલર સૈલેષભાઈ ગોહિલ, કોલેજ આચાર્ય ડો. ખરાદી, કોલેજ સ્ટાફ સભ્યો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા. તમામ કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. ના સ્વયંસેવકો અને પ્રોગ્રામ ઓફિસ ડો.શ્રેયસ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## દે.બારીઆના દુધિયા ગામે વીમા યોજનાના નામે રૂપિયા પડાવી લેતા ત્રણ ઈસમોને પોલીસે ઝડપ્યા

દાહોદ,

દે.બારીઆ તાલુકાના દુધિયા ગામમાં વીમા યોજનાની ખોટી સમજ આપી ૧૦ લોકો પાસેથી ૩૩૦૦ રૂપિયા પડાવનાર ત્રિપુટીને ગ્રામજનોએ શોધી કાઢી પકડી સાગટાળા પોલીસને સોંપતા ત્રણેયને જેલના સળિયા પાછળ ધકેલી કાર્યવાહી હાથ ધરી હતી.

દે.બારીઆ તાલુકાના દુધિયા ગામના ત્રણ દિવસ અગાઉ કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વિમા યોજના અંગે ખોટી સમજ આપી ૧૦ વ્યકિતઓને વિશ્વાસમાં લઈ દરેક પાસેથી ૩૩૦ રૂપિયા લઈ ૩૩૦૦ઉઘરાવી ત્રણ ભેજાબાજ ઠગ છેતરપિંડી કરી ગયા હતા ત્યારબાદ ગામના કેટલાંક જાગૃત નાગરિકો આ યોજના વિશે ઉંડાણપુર્વક તપાસ કરતા કેન્દ્ર સરકારની આવી યોજના તો છે પણ જે વ્યકિત આ વીમા યોજનામાં જોડાવવા ઈચ્છે છે તેમના ખાતામાંથી રૂપિયા કપાય છે કોઈને રોકડા રૂપિયા આપવાના નથી હોતા તેવુ જાણવા મળ્યુ હતુ. જેથી પોતે છેતરાયા હોવાનુ જણાતા છેતરપિંડીનો ભોગ બનનાર લોકો તથા જાગૃત ગ્રામજનોએ ભેગા મળીને ત્રણેય ભેજાબાજોને શોધી કાઢી તેમને પકડી પોલીસને હવાલે કરવામાં આવ્યા હતા. પકડાયેલ ત્રણ ભેજાબાજે મહિસાગર જિલલાના ઓથવાડ ગામના મનીશભાઈ જવાનભાઈ ઠાકોર, કંપોબા ગામના વિજયભાઈ સુરેશભાઈ ઠાકોર, અને લુણાવાડા તાલુકાના કસલાવ ગામના મહેશભાઈ હિરાભાઈ ઠાકોરને જેલના સળિયા પાછળ ધકેલી સાગટાળા પોલીસ મથકના પીએસઆઈ એ.એ. રાઠવાએ તેમની સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# દે.બારીયા શહેરની આહાર સંસ્થાનું બીફોર દિવાળીનું નજરાણું આપવામાં આવ્યું

તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે. બારીયા શહેરમાં રહેતા ગરીબ તથા જરૂરીયાતમંદોને બિલકુલ મફત કુલ ટીફીન તથા પ્રાથમિક સારવાર તથા શૈક્ષણિક સહાય માટે કોઈપણ જાતની અરજી આપ્યા વગર ઝડપી મદદ કરવા માંગતી આ એક જ સંસ્થા છે. અને તે છે ''આહાર'' સંસ્થા તેના સર્વેસર્વા પ્રેસીડેન્ટ નિકુંજભાઈ સોની જેમણે ગરીબોની સેવા તથા મદદમાં આખી જીંદગી જાણે અર્પણ કરી દીધી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે. બારીયાના રાજવી પરિવારના રાણી સાહેબા શ્રીમતિ રાજેન્દ્રકુમારીજી ચૌહાણના જન્મ દિવસના નિમિતે તા.૨૬/૧૦/૨૦૨૧ મંગળવારના રોજ ૧૦.૩૦ કલાકે પ્રજાપિતા બ્રહ્મકુમારી ઈશ્વરીય સુનિતાબેન તથા કિષ્ણાબેન ચૌહાણના હસ્તે આજરોજનું લાભાર્થીઓને ભોજન પીરસવામાં આવ્યું હતું. આજના ભોજનમાં પૂરી–શાક, દાળ–ભાત, ખમણ, શ્રીખંડ, રાજભોગ તરીકે પીરસવામાં આવ્યું હતું. લાભાર્થીઓમાં દિવ્યાંગ–૧૭, વિધવા, વિધૂર, ત્યકતા અને અનાથ ૬૭ અન્ય ૨૮૧૧૨ કુલ હતા. તેમજ અનાથ કન્યા ગંગાબેનના હસ્તે વિશ્વકર્મા વિદ્યાલયને રૂા.૧૦,૦૦૦/– આહા સંસ્થા તરફથી આપવામાં આવ્યા હતા. સાથે દે.બારીયા કિન્નર કુટુંબને પાંચ હજાર, ૩ જણને આપવામાં આવ્યા હતા આમ, દે.બારીયા શહેરની આહાર સંસ્થા એ દિવાળી આવતા પહેલા ગરીબ તથા વિધવાઓને દિવાળી પર્વની સારી રીતે ઉજવણી કરી શકે તેવા ઉમદા હેતુ સાથે આ કાર્યક્રમને રાખવામાં આવ્યો હતો. જેમાં તમામ લાભાર્થી તથા હિતેચ્છકો કાર્યક્રમમાં હાજર રહીને સફળ બનાવ્યો હતો. જે કથનો શાસ્ત્રમાં લખાયા છે. તે સાચા સિદ્ધ થયા છે.

દેહમાં પ્રાણ અન્નને આધારે ટકેલો છે અને તેના અભાવમાં માણસનો વિવેક ભૂલાઈ જાય છે. આથી જ અન્નદાતાને મહાન દાનીશ્વર કહેવામાં આવે છે. બીજુ કથન દાને દાને પર લીખ્ખા હૈ, ખાને વાલે કા નામ..

## ફતેપુરામાં ભુંડે ત્રણ વર્ષના બાળકને ખેંચી બચકાઓ ભરતા ગંભીર ઈજાઓ

ફતેપુરા,

ફતેપુરા નગરમાં રખડતા પ્રાણીઓનો ત્રાસ વધી ગયો છે. થોડા દિવસ પહેલા બે બળદની લડાઈમાં એક વ્યકિતએ ગંભીર ઈજાઓ થવા પામી હતી અને રખડતા ભુંડોના કારણે એક બાળકને માથામાં ગંભીર ઈજાઓ થવા પામી હતી. ત્યારે ફતેપુરા નગરના નાયકવાડા વિસ્તારમાં રહેતા એક પરિવારના ત્રણ વર્ષના બાળકોને રખડતા ભુંડો ઘરઆંગણે આવી ખેંચી ગયા હતા. બાળકે ચીસાચીસ કરતા આજુબાજુથી લોકો દોડી આવતા બાળકને ભુંડના મોંમાથી છોડાવ્યુ હતુ. ભુંડના મોંમાથી છોડાવેલા બાળકને લોહિલુહાણ હાલતમાં તાત્કાલિક દવાખાને લઈ જવામાં આવ્યો હતો. માથામાં વાગતા માથામાં લગભગ ૧૬ થી ૧૭ ટાંકા લેવામાં આવ્યા હતા. બાળકનો બચાવ થતાં પરિવારે હાશકારો અનુભવ્યો હતો. રખડતા જાનવરોને લઈ લોકોને વારંવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

## દિવાળીના તહેવારોમાં એરલાઈન્સ કંપનીઓએ સૌરાષ્ટ્રની ફલાઈટોના શેડ્યુલમાં ફેરફાર કર્યો

સૌરાષ્ટ્ર,

ત્રણ એર લાઈન્સ કંપનીઓના હાલના શેડયુલમાં ૧લી નવેમ્બરથી ફેરફારમાં હૈદરાબાદની હવાઈ સેવા ઠપ્પ થવા સામે બેંગ્લોરની ફલાઈટ શરૂ થશે. સ્પાઈસ જેટની હાલ સપ્તાહમાં ચાર દિવસ ઉડતી દિલ્હી-રાજકોટ-ગોવા ૧લી નવેમ્બરથી ડેઈલી ઉડશે. જયારે સપ્તાહમાં ચાર દિવસ આવતી-જતી હૈદરાબાદની ફલાઈટ સેવા બંધ થશે. સ્પાઈસ જેટની રાજકોટ દિલ્હી અને રાજકોટ – ગોવાની ફલાઈટ ડેઈલી ઉડયન રહેશે સાથે મુંબઈ સેવામાં કાપ મુક્વામાં આવ્યો છે. એર ઈન્ડિયાની તા.૧લી નવેમ્બરથી રાજકોટ મુંબઈ વહેલી સવારની ફલાઈટ શરૂ થતા એર ઈન્ડિયાની સવાર-સાંજ મુંબઈ અને બપોરે દિલ્હીની ફલાઈટ મળી કુલ ત્રણ ફલાઈટનું ઉડયન રહેશે. જયારે ઈન્ડિગોના આગામી શેડયુલમાં રાજકોટ -મુંબઈ, રાજકોટ-દિલ્હી સવાર-સાંજ મુંબઈ, બપોરે દિલ્હી અને દર મંગળ ગુરૂ, શનિવારે રાજકોટ-બેંગ્લોરની સીધી ફલાઈટ સેવાનો પ્રારંભ થનાર છે. દિવાળીના તહેવારોમાં રાજકોટ એરપોર્ટમાં સપ્તાહમાં ડેઈલી ૯ ફલાઈટના આવાગમનમાં ચાર દિવસ ૮ ફલાઈટ અને ત્રણ દિવસ ૯ ફલાઈટના આગમન-પ્રસ્થાપનની મુસાફરોનો ધમધમાટ જોવા મળશે આગામી દિવાળીના તહેવારોમાં તા.૧લી નવેમ્બરથી જ મોટાભાગની ફલાઈટોના બુકિંગ ફુલ થવા લાગ્યા છે એર ફેરમાં મોંઘુ થવા છતાં પર્યટકોનો દિલ્હી, મુંબઈ, ગોવા, બેંગ્લોરની ફલાઈટમાં ધસારો જોવા મળશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.56

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા



## જાસુસી કાંડના તાર ગુજરાતના ગોધરા સુધી

# આંધ્રપ્રદેશ નેવી ઓફિસરોની જાસુસી મામલે ગોધરાના એક આરોપીની ધરપકડ

- અલ્તાફ હુસેન હારૂન ઘાંચીભાઈને કોર્ટમાં ટ્રાન્જીસ્ટર રિમાન્ડ માટે રજુ કરતા ટ્રાન્જીસ્ટર રિમાન્ડ મંજુર.
- ધરપકડ કરાયેલા આરોપીને હૈદરાબાદ ખાતે લઈ જવાશે.
- કાઉન્ટર ઈન્ટેલીજન્સ સેલ દ્વારા ૧૦ જેટલા ઈસમોની પુછપરછ ચાલુ.

ગોધરા, આંધ્રપ્રદેશ રાજ્યના નેવી ઓફિસરની જાસૂસી મામલાની તપાસ માટે આંધ્રપ્રદેશ કાઉન્ટર ઈન્ટેલીજન્સ સેલની ટીમ ગોધરા ખાતે પહોંચી હતી અને સ્થાનિક એલ.સી.બી. અને એસ.ઓ.જી.પોલીસ સાથે રાખીને પશ્ચિમ વિસ્તારમાં મોડી રાત્રે સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું અને મોહમંદી મહોલ્લા વિસ્તારમાં રહેતા અલ્તાફ હુસેન હારૂન ઘાંચીભાઈને ઝડપી પાડયો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં આરોપીના ટ્રાન્જીસ્ટર રીમાન્ડ મેળવવા માટે સેશન્સ કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. જેમાં કોર્ટે ટ્રાન્જીસ્ટર રિમાન્ડ મંજુર કરવામાં આવતાં આરોપીને હૈદરાબાદ ખાતે લઈ જવામાં આવશે સાથે કાઉન્ટર ઈન્ટેલીજન્સ સેલ દ્વારા ૧૦ ઉપરાંત ઈસમોની પુછપરછ કરવામાં આવી રહી છે.

આંધ્રપ્રદેશ ખાતે નેવીના ઓફિસરોની જાસૂસી તપાસ મામલે નોંધાયેલ ફરિયાદના આધારે આંધ્રપ્રદેશ કાઉન્ટર ઈન્ટેલીજન્સ સેલની ટીમ ગોધરા પહોંચી હતી. આંધ્રપ્રદેશ નેવી ઓફિસરોની જાસૂસી પ્રકરણના તાર ગોધરા સુધી લંબાતા ગોધરા પહોંચેલ કાઉન્ટર ઈન્ટેલીજન્સ ટીમે સ્થાનિકએલ.સી.બી. અને એસ.ઓ.જી.પોલીસ સાથે રાખી ગોધરા બી ડીવીઝન પોલીસ મથકના છ જેટલા અલગ-અલગ વિસ્તારોમાં મોડી રાત્રે છાપો મારીને સર્ચ સીજરની કાર્યવાહી કરવામાં આવી હતી અને શંકાસ્પદ વ્યકિતઓને મોબાઇલ અને સીમકાર્ડ જેવા ગેઝેટના મોટા જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. શંકાસ્પદ રીતે ઝડપાયેલ વ્યકિતઓની ગુપ્ત સ્થાને પુછપરછ હાથ ધરવામાં આવી હતી અને પુછપરછ બાદ સોમવારના રોજ ગોધરાના મહોમંદી મહોલ્લા ખાતે રહેતા અલ્તાફ હુસેન હારૂન ઘાંચીભાઈ ઉર્ફે શકીલ ઘાંચીભાઈની આંધ્રપ્રદેશ કાઉન્ટર ઈન્ટેલીજન્સ સેલ દ્વારા કાયદેસરની ધરપકડ કરવામાં આવી હતી.

ગોધરા ખાતે ઝડપાયેલ આરોપી અલ્તાફ હુસેન હારૂન ઘાંચીભાઈ ઉર્ફે શકીલ ઘાંચીભાઈને દેશ વિરોધી આતંકવાદી પ્રવૃતિના ભાગરૂપે ભારતની અલગ-અલગ મોબાઈલ કંપનીના સીમકાર્ડ એકટીવ કરીને તેના વોટ્સએપ એકાઉન્ટના ઓ.ટી.પી. પાકિસ્તાનના આતંકવાદી પ્રવૃતિ કરતાં આકાઓને આપતો હતો અને પાકિસ્તાનથી ભારતના સીમકાર્ડના વોટ્સએપ એકાઉન્ટ ઓપરેટ કરીને પાકિસ્તાનના આંતકવાદી તત્વો એ ભારતના સુરક્ષા દળોના યુવાનોને હતી. ટ્રેપમાં ફસાવી જાસૂસી કરી તેમજ નોન બેંકીગ હવાલા થી આતંકી પ્રવૃતિ કરીને ગુનો આચર્યો છે.

આંધ્રપ્રદેશ રાજ્યના કાઉન્ટર ઈન્ટેલીજન્સ સેલ દ્વારા ધરપકડ કરવામાં આવેલ આરોપી શકીલ ઉર્ફે અલ્તાફ હુસેન હારૂન ઘાંચીભાઈને વર્ષ ૨૦૧૬માં પાકિસ્તાન ખાતે રોકાયો હતો અને ત્યાં આતંકવાદી પ્રવૃતિ કરતી એજન્સી તેમજ આતંકવાદી તત્વોના સંપર્કમાં આવ્યો હતો.

આંધ્રપ્રદેશ રાજ્યના કાઉન્ટર ઈન્ટેલીજન્સ સેલ દ્વારા નેવી ઓફિસરોની જાસૂસીના મામલાના તાર ગોધરા તરફ લંબાતા ગોધરામાં ધામ નાખ્યા હતા અને સ્થાનિક પોલીસને સાથે રાખીને સર્ચ સીજરની કાર્યવાહી કરાઈ હતી અને શંકાસ્પદ વ્યકિતઓને ઝડપી પુછપરછ હાથ ધરતાં અલ્તાફ હુસેના હારૂન ઘાંચીભાઈની કાયદેસર ધરપકડ કરી સેશન્સ કોર્ટમાં રજુ કરી ટ્રાન્જીસ્ટર રિમાન્ડની માંગ કરી હતી. સેશન્સ કોર્ટ દ્વારા આરોપીના ટ્રાન્જીસ્ટર રિમાન્ડ મંજુર કરતાં આરોપીને હૈદરાબાદ ખાતે લઈ જવામાં આવશે.

નેવી જાસૂસીકાંડમાં ગૃપ માહીતી આપવા બદલ અધીકારીઓના ખાતામાં ઓનલાઈન પૈસા ટ્રાન્સફર થતા હતા. પોલીસની તપાસમાં નેવીના અધીકારીઓના ખાતામાં નાણા મોકલવા બેંક ખાતામાં જે મોબાઈલ નંબર આપેલા હતા. તે મોબાઈલ નંબરો ગોધરાના હોવાનુ બહાર આવ્યું હતું. બેંક ખાતામાંથી નાણાં મોકલતાં પહેલા આવતો ઓટીપી નંબર ગોધરાના વ્યક્તિઓના મોબાઈલમાં આવતો હતો. જે ઓટીપી નંબર વોટ્સઅપ દ્વારા મોકલી આપતા હતા.

## પંચમહાલના શહેરાનો આર્મી જવાન IT સેલમાં હોવાનો ફાયદો ઉઠાવી પાકિસ્તાનને માહિતી પહોંચાડતા સ્ટેટ સ્પેશ્યલ ઓપરેશન સેલ દ્વારા કરાઈ ધરપકડ

ગોધરા, ભારતીય સેનાની અતિસંવેદનશીલ વિગતો પાકિસ્તાનને પહોંચાડનાર પંચમહાલ જિલ્લાના વતની તથા પંજાબના ફિરોઝપુર કેન્ટમાં ફરજ બજાવતાં આર્મી જવાનની ધરપકડ કરવામાં આવી છે. ૨૦૨૦માં પાકિસ્તાની ઈન્ટેલિજન્સ ઓફિસર સીદરાખાનના સંપર્કમાં ફેસબુકના માધ્યમથી આવ્યા બાદ હટ્રિપમાં ફસાયેલા આર્મીના આઈટી સેલમાં પોસ્ટિંગ થયા બાદ કૃણાલ બારીયાએ અતિસંવેદનશીલ માહિતી પાકિસ્તાની જાસૂસી એજન્સીને વિવિધ સોશિયલમીડિયા એપ્લિકેશન મારફતે મોકલતો હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર પંજાબના ફિરોઝપુર કેન્ટમાં ફરજ બજાવતા આર્મી જવાન કૃણાલ બારીયાની પંજાબ પોલીસે શનિવારે જાસૂસીના આરોપસર ધરપકડ કરી હતી. પંજાબ પોલીસના સ્ટેટ સ્પેશિયલ ઑપરેશન સેલે અમૃતસરમાંથી સૈન્યના જવાન કૃણાલકુમાર બારીયાની ધરપકડ કરી હતી તે ફિરોઝપુર કેન્ટ ખાતે આઈટી સેલમાં ફરજ બજાવતો હતો. કૃણાલ બારીયા સોશિયલ મીડિયાની વિવિધ એપ દ્વારા પાકિસ્તાની જાસૂસી સંસ્થા આઈએસઆઈના સંપર્કમાં હતો. આઈટી સેલમાં ફરજનો લાભ ઉઠાવીને બારીયાએ આર્મીને લગતી અતિસંવેદનશીલ માહિતીઓ પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સને મોકલી હતી, જેના બદલામાં તેને મોટી રકમ ચૂકવવામાં આવી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ હતુ. હાલના તબક્કે તેને અત્યાર સુધી માત્ર દસ હજારની જ એન્ટ્રી મળી હોવાનું બહાર આવ્યુ છે. જો કે, પોલીસને શંકા છે કે, તેને માહિતી પહોચાડવા બદલ લાખોની રકમ મળી છે. આ નાણાં કયા રસ્તે અને કોના સુધી પહોચાડવામાં આવ્યા છે. તે અંગેની પોલીસે તપાસ આરંભી દીધી છે. પોલીસે તેના પરિવારજનોના બેન્ક ખાતાની ચકાસણી આરંભી દીધી છે. કૃણાલ ૨૦૨૦માં ફેસબુકના માધ્યમથી પાકિસ્તાની ઈન્ટેલિજન્સ ઓફિસર સીદરા ખાનના સંપર્કમાં આવ્યો હતો. બાદમાં તેઓ વોટ્સએપ તથા અન્ય એપના માધ્યમથી સંપર્કમાં હતા. આ ઉપરંત સીદરા ખાન કૃણાલની સાણે ત્રણ નંબરથી સંપર્કમાં હતી. તે પૈકીનો એક નંબર તો ભારતીય કંપનીનો તથા બે નંબર પાકિસ્તાની ટેલીફોન કંપનીના હોવાનું પોલીસ તપાસમાં હાથમાં લાગ્યું છે. આ ભારતીય કંપનીનો નંબર પાકિસ્તાની મહિલાની પાસે કેવી રીતે પહોચ્યો તે અંગેની પણ તપાસ શરૂ કરી દેવામાં આવી છે. ઝડપાયેલા કૃણાલ બારીયાનું પરિવાર હાલમાં અમદાવાદમાં સ્થાયી થયેલુ છે. તે પંચમહાલ જિલ્લાના શહેરાના ધમણોદ ગામનો વતની છે. પજાંબ પોલીસના સ્ટેટ સ્પેશિયલ ઓપરેશન સેલ દ્વારા ધરપકડ કરીને રવિવારે તેને અદાલતમાં રજૂ કરીને ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. અદાલતે ચાર દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

## પોલીસ કર્મચારીઓના પ્રશ્નો બાબતે આપ પાર્ટી દ્વારા જીલ્લા પોલીસવડાને આવેદન

ગોધરા, ગુજરાત પ્રદેશ આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતના તમામ તાલુકા અને જિલ્લાઓમાં પોલીસ કર્મચારીઓની સમસ્યાઓને દૂર કરવા બાબતે આવેદનપત્ર આપવાની સૂચના આપવામાં આવી હતી. જે સંદર્ભે પંચમહાલ જિલ્લા આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા ગોધરા, ઘોઘંબા, મોરવા હડફ, શહેરા, જાંબુઘોડા અને હાલોલ તાલુકાના કાર્યકરો દ્વારા પોત પોતાના તાલુકા મથકે મામલતદાર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ગોધરા શહેરમાં જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીમાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

પોલીસ કર્મચારીઓના પ્રશ્નોની રજૂઆત પંચમહાલ જિલ્લા આમ આદમી પાર્ટીના કાર્યકરોએ આજ રોજ પંચમહાલના તમામ તાલુકાઓમાં રજૂઆત કરવામાં આવી. આ રજુઆત પત્રમાં જણાવ્યું છે કે, પોલીસની ભરતી વર્ગ-૩માં ૧૨ પાસ પર થતી હોય જે તલાટી કમ મંત્રી, ક્લાર્ક સમકક્ષ ભરતી થાય છે. તેમ છતાં પોલીસ ગ્રેડ પ્રે માત્ર ૧૮૦૦ જ છે. પોલીસ જવાનો સાથે થતો આર્થિક અન્યાય છે.

પોલીસના કામના કલાકો અન્ય વિભાગ કરતાં વધારે અને કામ કરવાના કલાક ફીકસ નથી અને ૨૪ કલાકની ડ્યુટી કરાવવામાં આવે છે અને સામે તેમણે ઓવરટાઇમનો પગાર આપવામાં આવતો નથી.

અન્ય વિભાગની જેમ પોલીસ વિભાગમાં પણ સાપ્તાહિકની ફરજીયાત રજા આપવી જોઈએ. જેથી તેઓ પણ પોતાના પરિવાર માટે સમય ફાળવી શકે કારણ કે પરિવાર સાથે સમય ન કરી શકવાથી અને કામકાજનુ પ્રેસર ઉપર હોવાથી ઘણા પોલીસ જવાનો માનસિક હતાશા ભોગવી રહ્યા છે. જે યોગ્ય નથી અને આ સ્ટાફને પણ ધ્યાનમાં રાખીને સાપ્તાહિક રજાઓ ઑલ્ટરનેટ હોવી જોઈએ. પોલીસ કર્મચારીની ફરજમાં વચ્ચે ઓછામાં ઓછો આઠ કલાકનો આરામ હોવો જોઈએ, પોલીસો માટે વી-ળફક્ષ શિલવતિં હોવા જોઈએ, પોલીસને પણ પોતાનું સંગઠન કે સંઘ બનાવવાની પરમિશન આપવી જોઈએ કે જેથી પોતાની સમસ્યા રજૂ કરી શકે. પોલીસ તંત્રને રાજકારણથી દૂર રાખી સ્વતંત્ર રાખવુ જોઈએ જેથી અમુક રાજકીય સાંઠગાંઠ ધરાવતા માથાભારે તત્વો સામે પોલીસ નિર્ભળના બને અને કાયદેસર સ્વતંત્ર કાર્યવાહી કરી શકે. ઉપરોક્ત સમસ્યાઓ પોલીસ કર્મચારીઓ ભોગવી રહ્યા છે અને તેઓની સમસ્યાઓને વાચા આપવા પંચમહાલ જિલ્લામાંથી પાર્ટી તરફથી સરકારને રજૂઆત કરીએ છીએ કે ઉપરોક્ત સમસ્યાના સમજે અને તેને દૂર કરવા પોલીસ કર્મચારીઓની શારીરિક અને માનસિક સ્થિતિ તંદુરસ્ત રાખવા માટે યોગ્ય નિર્ણય કરે અને આમ આદમી પાર્ટીની રજૂઆતને પોલીસ કર્મચારી હિત માટે નિર્ણય કરવામા આવે એવી રજુઆત કરી છે.

### એક માસમાં ખોટી આકારણી રદ ન થાય તો અરજદારની આત્મવિલોપનની ચિમકી

## ઘોઘંબા તાલુકાના ગજાપુરા(કાંટુ) ગામની જમીન અને મકાનની ખોટી આકારણી દુર કરવા આવેદન આપવામાં આવ્યું

તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના ગજાપુરા (કાંટુ) ગામની વડીલોપાર્જીત જમીન અને મકાનમાં ખોટી રીતે આકારણી કરવામાં આવી હોય તે દુર કરવામાં આવે તેવી માંગ સાથે ઘોઘંબા મામલતદારને મુખ્યમંત્રીને સંબોધી આવેદન આપવામાં આવ્યું સાથે ન્યાય ન મળે તો આત્મવિલોપન કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી.

વિસ્તૃત વિગતો પ્રમાણે દે.બારીયા ખાતે રહેતા સામાજીક કાર્યકર અને પત્રકાર જતીનકુમાર નલિનકુમાર સોનીના વડીલોપાર્જીત જમીન અને મકાન ઘોઘંબા તાલુકાના ગજાપુર (કાંટુ) ગામે જતીનભાઈ સોની, અશોકકુમાર હસમુલલાલ સોની અને હરીશકુમાર હસમુખલાલની સંયુકત ભાગીદારીની જમીન અને મકાન આવેલ છે. પરંતુ મકાનમાં માત્ર હરીશકુમાર હસમુખભાઈનું નામ રેકર્ડ ઉપર ચાલે છે અને તેમના નામની આકારણી કરેલ છે. વડીલો પાર્જીત જમીન અને મકાન હરીશભાઈ બારોબાર ચાંઉ કરવાનો મનસુબો ધરાવે છે અને તેની જતીનકુમાર સોનીએ વાંધો વિરોધ નોંધાવ્યો છે.

ઘોઘંબાના ગજાપુર (કાંટુ) ગામે આવેલ વડીલો પાર્જીત જમીન જે હરીશકુમાર હસમુખભાઈ સોનીનું નામ ચાલતું હોય તેથી મનસ્વી વહીવટ કરે છે અને ખેતીની ઉપજ માંથી લાગ-ભાગ આપતા નથી. સહભાગીદાર તમામ મિલ્કતો આપેલ છે. તે તમામ અમારા માટે શોભાના ગાંઠીયા સમાન છે. ત્યારે ગજાપુરા (કાંટુ) નામે આપેલ જમીન અને મકાન માંથી ખોટી આકારણી દુર કરવામાં આવે. જો એક મહિનામાં યોગ્ય ન્યાય ન મળે તો જતીનકુમાર નલિનકુમાર સોની એ ૨૫ નવેમ્બર ૨૦૨૧ના રોજ ઘોઘંબા મામલતદાર કચેરી ખાતે આત્મવિલોપન કરવાની ચિમકી ઉચ્ચારી છે અને આત્મવિલોપનના જવાબદાર બે કાકાની રહેશે. તેવું આવેદનપત્ર ઘોઘંબા મામલતદારને આપવામાં આવ્યું છે.

તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

તાજેતરમાં આયુષ્યમાન ભારત અંતર્ગત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પંચમહાલ દ્વારા સાર્વજનિક બીએડ કોલેજ ગોધરા ખાતે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,પંચમહાલના સિનિયર લેક્ચરર ઉમેશભાઈ ચૌહાણ દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં પંચમહાલ જિલ્લાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બી.આર.સી ગોધરા હાજર રહ્યા હતાં. તેમાં તજજ્ઞ તરીકે ઉમેશભાઈ ચૌહાણ, મિનેષકુમાર રાણા અને મલેક ઈસ્તીયાક દ્વારા ઉમદા કામગીરી કરવામાં આવી હતી. બીએડ કોલેજના સો કરતાં પણ વધારે વિદ્યાર્થીઓને પણ આ તાલીમનો લાભ મળ્યો હતો.

## ગોધરા શહેરમાં બોગસ દસ્તાવેજના આધારે પાસપોર્ટ બનાવનાર આરોપીના સેશન્સ કોર્ટે જામીન ફગાવ્યા

ગોધરા, સમગ્ર ગોધરા શહેર માં ચકચાર જગાવનાર બોગસ દસ્તાવેજના આધારે એક પાસપોર્ટ હોવાં છતાં બીજો પાસપોર્ટ બનાવનારા આરોપીના નિયમિત જામીન ફગાવતી સેશન્સ કોર્ટ ગોધરા શહેરની રહીશભાઈ મેમુનાખાતુન મોહમ્મદ હનીફ દુવેશ નાઓ દ્વારા પોતાના પતિના નામ સાથેનો એક પાસપોર્ટ હોવાં છતાં અને આ પાસપોર્ટ ઉપર અવારનવાર પાકિસ્તાન દેશની મુલાકાત લીધેલી હતી અને આવી હકીકત હોવા છતાં આ આરોપી દ્વારા ફરી થી કોઈ અગમ્ય કારણોસર પોતાના પિતાનું નામ પોતાની પાછળ લખી અને પોતે પરણેલી હોવા છતાં ખોટું જણાવી અને પાસપોર્ટ હોવાં છતાં બીજો પાસપોર્ટ મેળવી અને ખોટા દસ્તાવેજોના આધારે તમામ ખોટી કાર્યવાહી કરેલી હોઈ ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આરોપી વિરૂદ્ધ એસ.ઓ.જી શાખાના પોલીસ ઇન્સ્પેક્ટર મયંક પંડ્યાના માર્ગદર્શન હેઠળ તથા જિલ્લા પોલીસ વડા ડો. લીના પાટીલની સુચના થી ગુન્હો નોંધવામાં આવતા તપાસ કરનાર અધિકારી દ્વારા તપાસ હાથ ધરી આરોપીની ધરપકડ કરવામાં આવતા આરોપી દ્વારા પંચમહાલ જિલ્લાના એડીશનલ સેશન્સ જજ બી.કે બારોટની કોર્ટમાં નિયમિત જામીન અરજી દાખલ કરવામાં આવતા નામદાર કોર્ટ દ્વારા જિલ્લા સરકારી વકીલ રાકેશ એસ. ઠાકોરની વિગતવારની દલીલોને ધ્યાનમાં લઈ આરોપીની નિયમિત જામીન અરજી નામંજૂર કરી છે. જેના કારણે ખોટા દસ્તાવેજોના આધારે પાસપોર્ટ મેળવનાર અન્ય વ્યક્તિઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા આમ આદમી પાર્ટીના કાર્યકતાઓ મામલતદાર કચેરી ખાતે એકત્રીત થયા હતા. પોલીસ વિભાગના ગ્રેડ પે સહિતના મુદ્દે મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

હરીજન ચેતનકુમાર બાબુભાઈ
મુ. ઉચવાણ, તા. દે.બારીયા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કોળી પ્રવિણસિંહ ફતેસિંહ
મુ. અંતેલા, તા. દે.બારીયા

જાહેર નિવિદા-૮ સને ૨૦૨૧-૨૨
માર્ગ અને મકાન વિભાગ

ગુજરાત રાજ્યનાં માન.રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેર, મહીસાગર મા. અને મ.વિભાગ, મુ.લુણાવાડા, કોટેજ હોસ્પિટલની બાજુમાં, પીનકોડ-૩૮૯૨૩૦, જી.મહીસાગર ફોન નં.(૦૨૬૭૪) ૨૫૦૪૮૬ દ્વારા નીચે દર્શાવ્યા મુજબના કામ માટે પ્રાઈમ મેન્યુફેકચર્સ ઓફ મોડયુલર ફર્નિચરના ઈજારદારો પાસેથી મકાનના ફર્નીચરના યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઈજારદારો પાસેથી તા.૧૦/૧૧/૨૦૨૧ ના રોજ ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત કિંમત (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | કન્સ્ટ્રકશન ઓફ એસ.પી. ઓફીસ બિલ્ડીંગ એટ લુણાવાડા, જિ.મહીસાગર (પ્રોવાઈડીંગ એન્ડ ફીક્સીંગ એડીશનલ ફર્નીચર) | રૂ.૨૪.૭૧ |

ઉપરોકત કામ માટેનું ટેન્ડર વેબસાઈટ http://rnb.nprocure.com પરથી ઓનલાઈન ભરવાના રહેશે. આ કામની વિગતવાર નોટીસ માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com પર તથા કચેરીના નોટીસ બોર્ડ ઉપર ઉપલબ્ધ રહેશે. કામની માહિતી માટે ઉપરોકત કચેરીનો જાહેર રજા સિવાયના કામના દિવસોમાં રૂબરૂ સંપર્ક સાધી શકાશે. ટેન્ડર બાબત અંગેના કોઈપણ સુધારા વધારા ફકત વેબસાઈટ પર જોવા મળશે.

કાર્યપાલક ઈજનેર
મહીસાગર મા. અને મ.વિભાગ
લુણાવાડા

માહિતી/ગોધરા/૬૨૮/૨૦૨૧